# ઈશ્વરનું બાળક







# ... કેવી રીતે બનવું

સાક્ષી આવૃત્તિ

સમાવેશ કરે છેઃ  તમારી વાર્તા કેવી રીતે કહેવી અને સાક્ષી કેવી રીતે આપવી

# ઈશ્વરનું બાળક કેવી રીતે બનવું

# ડેવિડ હોવેલ

## આ સેવાકાર્યને ટેકો આપો

યુએસમાંના  ૨૧૦૦ કેદખાનાઓ જે  ૨૦,૦૦,૦૦૦ કેદીઓને રજૂ કરે છે  તેમને જેલમાં સુવાર્તા પ્રચાર અર્થે  છાપવા અને વિતરણ માટે ઈશ્વરનું બાળક કેવી રીતે બનવું, તે મફત આપવું. અમારો હેતુ છે કે હૃદયોનું પરિવર્તન અને કેદખાનાઓ બંધ થાય. આ માત્ર ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ અને પ્રેમ દ્વારા પરિપૂર્ણ થાય છે. હૃદયનાં પરિવર્તન વગર સિત્તેર ટકા લોકો પાંચ વર્ષની અંદર ફરી પાછા જેલમાં આવી જાય છે.

તમારો નાણાંકિય ટેકો આપીને કેદીઓને કાયમ માટે મુક્ત કરવા અમને મદદ કરશો.

તમે તમારી પોતાની સેવા માટે પુસ્તકો અહિંથી ખરીદી શકો છોઃ

**howtobeachildofgod.com**

બધો જ નફો જેલો માટે વધુ પુસ્તકો ખરીદી શકે છે.

તમે આ સેવા માટે સીધું જ દાન અહિ આપી શકો છોઃ

**prisonevangelism.com**

Facebook: @ Prison Evangelism, Inc. and @How to be a child of God

તમે તમારા ચેક આ સરનામે મોકલી શકો છોઃ

Prison Evangelism
PO Box 571977
Houston, Texas 77257

ડેવિડ હોવેલ  દ્વારા ગ્રંથસ્વામિત્વ©૨૦૧૯ સર્વ હક આરક્ષિત. ડેવિડ હોવેલની લેખિત પરવાનગી વગર આ પ્રકાશનના કોઈપણ ભાગને કોઈપણ સ્વરૂપે પુનઃઉત્પાદિત કરી શકાશે નહિ.

આશિર્ષકને શૈક્ષણિક અને સુવાર્તાના હેતુ માટે જથ્થામાં ખરીદી શકાશે. વધુ માહિતી માટે કૃપા કરીને પ્રકાશકનો સંપર્ક કરોઃ

David Howell
PO Box 571977
Houston, Texas 77257 davidhowell@aol.com
info@HowtobeaChildofGod.com www.
HowtobeaChildofGod.com

SEE THIS EBOOK AND WATCH THIS VIDEO
@ WWW.PRISONEVANGELISM.COM

Unless otherwise indicated, all Scripture quotations are taken from the Holy Bible, New Living Translation, copyright Â© ,2004 ,1996 2007 by Tyndale House Foundation. Used by permission of Tyndale House Publishers, Inc., Carol Stream, Illinois 60188.

All rights reserved.

ISBN: 2-14157-578-0-978
જોન મેગી દ્વારા કલા માર્ગદર્શન, હાઉસ્ટન, ટેક્ષાસ
JohnMageeDesign.com
રેન્ડી રોજર્સ દ્વારા સર્વ દ્રષ્ટાંતો, વુડલેન્ડ, ટેક્ષાસ
artistguy@att.net

# પરિચય


"હકિકતમાં જો એકદમ પ્રારંભથી ખ્રિસ્ત અને તેના વધસ્તંભની પૂરેપૂરી રજૂઆત થઈ હોત તો આપણે આપણા ખ્રિસ્તી જીવનના પ્રથમ દિવસથી જ આનાથી મોટા અનુભવો મેળવી શક્યા હોત, જો કે તેમાંના મોટાભાગના ખુલાસા પછીથી જ થઈ શકે છે."

વોચમેન ની, સામાન્ય ખ્રિસ્તી જીવન


જ્યારે આપણે ઈસુ ખ્રિસ્ત પર પ્રભુ, ઈશ્વર, તારનાર અને જીવન તરીકે ભરોસો કરીએ છીએ ત્યારે આપણે આપણી ઈચ્છાઓ પર અને આપણા જીવનો પર તેને કબજો લેવાનું કહીએ છીએ હકિક્તમાં તે આપણું જીવન બની જાય છે. આપણે રૂપાંતરિત થઈએ છીએ; ઘણી વખત ઝડપથી, ઘણી વખત ધીમેથી, પણ બદલાણ હંમેશાં આવે છે. ઈશ્વરનો પોતાનો આત્મા આપણામાં રહેવા આવે છે અને આપણે સર્વાંગ, જીવંત અને સંપૂર્ણ બનાવે છે. જ્યારે આપણે વિશ્વાસ કરીશુ અને આપણા હ્રદયો ઈશ્વરને આપીશું ત્યારે આપણું જીવન એવું જ રહેશે નહિ.

ડેવિડ હોવેલ

ઈશ્વર સ્વર્ગમાં હતાં અને પૃથ્વી પર આવ્યા.



ફિલિપ્પી. ૨:૬-૮, યોહાન ૧:૧૪, હિબ્રૂ ૧:૩, રોમન ૮:૩b, યોહાન ૧૦:૩૦, કલોસી ૧:૧૫,
કલોસી ૨:૯, હિબ્રૂ ૨:૧૧-૧૭, માથ્થી ૧:૨૦-૨૧


તે ચમત્કારિક રીતે ગર્ભે રહ્યો હતો. આપણે જે રીતે સ્ત્રીથી જન્મીએ છીએ તેવી જ રીતે તે જન્મ્યો હતો.
તેણે આ કર્યું જેથી આપણે તેની સાથે વ્યક્તિગત સંબંધ બાંધી શકીએ અને તેને દેવ તથા માણસ તરીકે જાણીએ અને પિતા તરીકે સારી રીતે સમજીએ.

ઈસુ બાળપણ પસાર કરીને પુખ્ત બન્યો, વ્યવસાય શીખ્યો, અને જ્યારે તેનો સમય આવ્યો, તેણે એ સેવા શરૂ કરી જે તે કરવા આવ્યો હતો, તેણે પોતાને ઈશ્વર અને તારનાર તરીકે આપણી આગળ પ્રગટ કર્યો.




માથ્થી ૩:૧૩-૧૭, માથ્થી ૭:૨૮-૨૯, માર્ક ૬:૨-૩, લૂક ૨:૪૦, લૂક ૨:૪૧-૪૭, લૂક ૨:૫૨

જ્યારે પથ્વી પરનો તેનો હેતુપૂર્ણ થયો, તેણે પોતાને વધસ્તંભ પર જડી દેવા દીધો. તેને



અપમાનિત કર્યો, ત્રાસ આપ્યો અને પછી વધસ્તંભે ખિલ્લાથી જડી દીધો. ઈસુએ મરણોમાંનું આ સૌથી પાશવી મરવાને પસંદ કર્યું જેથી તમે અને મેં જે કંઈ દુષ્કૃત્યો કર્યા છે તેનો




માથ્થી ૨૬:૨૮-૨૯, માથ્થી ૨૭:૫૭- ૬૧, રોમન ૫: ૬, રોમન ૮:૩, એફેસી ૧:૭, હિબ્રૂ ૨:૧૪ -૧૫, હિબ્રૂ ૯:૨૨, ૧ પિતર ૨:૨૪, ૧ યોહાન ૧:૭




ઈસુ આવ્યો જેથી આપણે તેની સાથે વ્યક્તિગત સંબંધ સ્થાપી શકીએ. અને આપણને અનંતજીવનની ભેટ આપે. અનંતજીવન એ ખ્રિસ્તનું જીવન છે. તેની કોઈ શરૂઆત નથી અને તેનો કોઈ અંત નથી.

લૂક ૨૪:૧-૭, લૂક ૨૪:૫૦-૫૧, યોહાન ૧૬:૨૮, હિબ્રૂ ૧:3

આ બધું જરૂરી કેમ હતું? કારણ કે જ્યારે ઈશ્વરે પ્રથમ માણસ આદમનું સર્જન કર્યું. તેણે સ્વર્ગમાં અદ્દભૂત જીવન તેને આપ્યું. પણ આદમે પોતાના સ્વર્ગીય પિતાની અવજ્ઞા કરી.




એ દ્રષ્ટિકોણથી માણસને શરીર અને પ્રાણ (વ્યક્તિત્વ) હતાં, પણ આત્મિક રીતે તે દેવ પ્રત્યે મરણ પામ્યો હતો. તે હવે સર્વાંગ રહ્યો નહિ અને દેવે રાખેલા આશીર્વાદોનો અનુભવ કરી શકતો નહતો.

ઉત્પત્તિ ૨:૮-૯, ઉત્પત્તિ ૩:૨-૬, ઉત્પત્તિ ૨:૧૬-૧૭, ઉત્પત્તિ ૩:૨૩, I કરિંથી ૧૫: ૪૫-૪૬

આપણા માબાપના બાળક તરીકે આપણી વંશાવળી આદમ સુધી જાય છે. આપણે આદમની સાથે એદનવાડીમાં આત્મિક રીતે મરણ પામ્યા હતાં.



પૃથ્વી પર આપણા આખા જીવનભર આપણે તે વંશાવળીનો બોજ તેમ જ આપણા પોતાના પાપોનો બોજ ઉપાડેલો છે અને ભાવનાત્મક સામાન ઊંચકી રહ્યાં છીએ. તે શરમ, દોષ,ગત સમસ્યાઓ અને નિષ્ફળતાઓ અને આપણા પાપો તથા ખામીયુક્ત ચરિત્ર વિષેની ખરાબ લાગણીઓનું વાસ્તવિક પોટલું છે. આપણને નવી વંશાવળીની અને નવા કુટુંબની જરૂર છે.


રોમન ૩:૨૩, રોમન ૫:૧૨, રોમન ૫:૧૮અ



એક દિવસ કોઈક આવ્યું અને તેણે ઈસુની વાર્તા સમજાવી, તે કેવી રીતે આપણા માટે મરવા દ્વારા આપણ દરેકને અંત મરણથી બચાવવા આવ્યો અને આપણને અનંત જીવન આપ્યું. ઈસુ મરણ પામ્યો, આપણને સર્વથી છોડાવ્યા, તેના દ્વારા સંપૂર્ણ માફી, બિનશરતી પ્રેમ, અને અનંતજીવનની આશાનો અનુભવ માટેનો માર્ગ આપ્યો.

હઝકિયેલ ૩૬:૨૬-૨૭, પ્રે કૃ. ૪:૧૨, રોમન ૫:૯, ૧ કરિંથી ૧૫:૫૭, ૨ કરિંથી ૫:૧૮અ, ગલાતી ૧:૧૫-૧૬, એફેસી ૨:૮-૯, ૧ તિમોથી ૨:૫-૬

ઈસુ એટલા માટે પણ આવ્યો કે તમને અને મને તેની સાથેના સંબંધ દ્વારા અત્યારે આ પૃથ્વી પર શાંતિ અને ભરપૂર જીવન મળી શકે. તે આપણને બતાવવા માગે છે કે જીવનની સમસ્યાનો સામનો કેવી રીતે કરી શકાય. ઈસુ આશા અને જીવવા માટેની નવી શૈલી આપે છે. આપણા સ્વાભાવિક માર્ગો આપણને સ્વગરકાવમાં અને ધાંધલમાં રાખે છે. તે કામ કરી શકતા નથી.



યોહાન ૧૦:૧૦, રોમન ૬:૧૬, રોમન ૬:૨૧, રોમન ૮:૩૭, એફેસી ૨:૧૪, પ્રકટીકરણ ૩:૨૦




જ્યાં સુધી આપણે દેવથી વિખૂટા હોઈએ છીએ ત્યાં સુધી આપણને શાંતિ મળી શકતી નથી. એ પસંદગીઓ, જે આપણે દરરોજ કરીએ છીએ તે સ્વકેન્દ્રિત અને આપણને હતાશ અને દેવની સંગતથી વિભક્ત રાખે છે. આપણા સ્વર્ગીય પિતા સાથે શાંતિપૂર્ણ ઐક્ય માટે આપણને ઊંડી ઉત્કંઠા થાય છે, પણ આપણે તે આત્મિક જોડાણની ખામી ધરાવીએ છીએ. આપણી પોતાની "શ્રેષ્ઠ વિચારધારા" અને સારા ઈરાદાઓએ આપણને આ ગૂંચવાડામાં નાખી દીધા છે.

સભાશિક્ષક ૩:૧૧, રોમન ૬:૧૬, લૂક ૧:૭૮-૭૯, યોહાન ૧૬:૩૩, રોમન ૫:૧-૨, રોમન ૮:૬

દેવથી આપણને જે વિખૂટા પાડે છે તે જગ્યા આપણે પુલ બનાવવાના પ્રયત્નો કરીએ છીએ અને તેની સાથે સંબંધ પુનઃસ્થાપિત કરવાના માર્ગ શોધીએ છીએ. પણ કંઈ કામ કરી શક્યું નહિ. માત્ર ઈસુ ખ્રિસ્તમાં ભરોસા દ્વારા આપણે ઈશ્વરપિતા સાથે સંપર્કમાં આવી શકીએ છીએ.





નીતિવચન ૧૪:૧૨, રોમન ૬:૨૩, રોમન ૩:૨૩



આ એ જ ઈસુ છે જે આપણા સર્વ પાપો, ભૂલો અને ભૂતકાળ, વર્તમાન તથા ભવિષ્યની ચરિત્ર ખામીઓ માટે મરણ પામ્યો. તેના રક્ત દ્વારા આપણે શુદ્ધ થઈને દેવની આગળ યોગ્ય બની શકીએ છીએ. ઈશ્વરપિતા પાસેથી આપણે સંપૂર્ણ માફી અને બિનશરતી પ્રેમ મેળવી શકીએ છીએ. પોતાના મરણ અને પુનરુત્થાન દ્વારા ઈસુએ દેવ અને માણસ વચ્ચેની ખાઈ પૂરી દીધી. તેથી જ તે જગતનો તારક છે.

યોહાન ૩:૧૬, ૧ પિતર ૩:૧૮, ૧ તિમોથી ૨:૫-૬, રોમન ૫:૧

આપણા બધા પાસે આ સત્યનો સ્વીકાર કરવો અથવા નકાર તેની તક છે. જો આપણે આ ઘટનાને સાચી તરીકે સ્વીકારીશું અને દેવ તરીકે ઈસુ પર વિશ્વાસ કરીશું તો આપણે દેવના બાળકો બનીએ છીએ, તે પણ એ સર્વ હકો અને વિશેષાધિકારો સાથે જે ઈસુ પાસે છે. આપણે ઈસુ ખ્રિસ્ત સાથે સહવારસ અને તેના ભાઈઓ બહેનો બનીએ છીએ. સંપૂર્ણ ત્યાગ સાથે તમારી ઈચ્છાઓ અને જીવનોને તેની કાળજી નીચે વાળી દો. તે જટિલ નથી પણ કદાચ એક સૌથી મુશ્કેલ બાબત હોઈ શકે જે ક્યારેય કરી ન હોય. જો તમે ખરેખર દેવના વચનનો અને તેની સાથે સંગત કરવાથી જે આનંદ મળે છે તેનો અનુભવ કરવા માગતા હોય તો તમારા જીવન પર તેને અધિકાર લેવાનું કહો. જો તમે પ્રમાણિક છો, તો સાદામાં સાદી પ્રાર્થના પણ પૂરતી છે... કારણ કે દેવ તમારું હૃદય જાણે છે. તેને આ સાદી પ્રાર્થનાથી સોંપાઈ જાઓ. આ જ બધું જોઈએ છે જ્યારે તમે ભરોસો અને વિશ્વાસ કરો છો.




એફેસી ૨:૧૩, યોહાન ૧૪:૬, હિબ્રૂ ૪:૩, હિબ્રૂ ૪:૭

“સ્વર્ગીય પિતા, હું મારા પોતાની સોંપણી તમને કરું છું – તમે મને બદલી કાઢો અને તમે ઈચ્છો તે મારી સાથે કરો. મારા જીવનનું નિયંત્રણ લો અને મારા સ્વાર્થી માર્ગોથી મારો છુટકો કરો જેથી હું તમારી ઈચ્છા પૂરી કરી શકું. મને મારા પાપો ઉપર વિજય આપો જેથી તમારા સામર્થ્ય અને તમારા પ્રેમ દ્વારા બીજાઓને હું મદદ કરું તેઓ આગળ નમૂનો બનું. જીવનના તમારા માર્ગોને હું સમર્પિત થઉં છું. હંમેશાં તમારા પર ભરોસો કરું અને તમારી ઈચ્છા પ્રમાણે કરું તેવું થાઓ. પ્રભુ ઈસુ આવો અને મારા દ્વારા તમારું જીવન જીવો.


આમેન.”



તમારા મુખથી કબૂલ કરો અને હૃદયથી વિશ્વાસ કરો કે ઈસુ મરણ પામ્યો અને દટાયો અને ફરી સજીવન થયો. તેનામાં ભરોસો કરો કે તે દેહમાં ઈશ્વર હતો, અને તમે દેવનું બાળક બન્યા છો અને ખ્રિસ્ત સાથે સહવારસ છો.

યોહાન ૧૧:૨૫-૨૬, યોહાન ૧૪:૬-૭, રોમન ૧૦:૯, રોમન ૧૦:૧૩, ૧ કરિંથી ૬:૧૭, એફેસી ૧:૫-૮, એફેસી ૨:૮-૧૦, કલોસી ૨:૬-૭, ૧ યોહાન ૫:૧૨-૧૩

જ્યારે તમે દેવનો આત્મા પ્રાપ્ત કરો છો તમે સંપૂર્ણ અને દેવ પ્રત્યે જીવંત બનો છો.



જ્યારે તમે ઈસુ ખ્રિસ્તને તમારા જીવનમાં આવવાનું કહો છો, ત્યારે તમે આદમમાંના તમારા પૃથ્વીના કુટુંબની વંશાવળીમાંથી તમે ખ્રિસ્તના જીવનમાં પરિવર્તિત થઈ જાઓ છો એ જીવનમાં જે ભૂતકાળનું સદાકાળનું હતું અને ભવિષ્યમાં સદાકાળનું રહેશે. તમે વધસ્તંભમાં પરિવર્તિત થયા છો અને ખ્રિસ્ત સાથે તમારું જૂનું માણસપણું મરણ પામ્યુંછે.



રોમન ૫:૧૮-૧૯, રોમન ૮:૧-૨, ૧ કરિંથી ૧૫:૨૨, ગલાતી ૫:૨૪, એફેસી ૧:૧૩-૧૪, એફેસી ૩:૧૪-૧૫, ૧ પિતર ૧:૧૮-૧૯




તમે તેની સાથે એક થાઓ છો, તમે ખ્રિસ્ત સાથે એકિકૃત થયા છો અને તે ક્યારેય બદલાશે નહિ. ઈસુ હવે તમારામાં જીવે છે અને તમે તેનામાં, જ્યાં કંઈ તે જાય છે ત્યાં તમે જાઓ છો અને જ્યાં કંઈ તમે જાઓ છો ત્યાં તે જાય છે.

યોહાન ૧૪:૨૦, રોમન ૬:૬, ગલાતી ૨:૨૦, ગલાતી ૪:૪-૭, ગલાતી ૫:૨૪, એફેસી ૧:૧૧, કલોસી ૨:૧૦

જ્યારે તમારું જૂનું માણસપણું ખ્રિસ્ત સાથે વધસ્તંભ પર મરણ પામ્યું ત્યારે તમે તેની સાથે દટાયા હતાં. તમારું નવું માણસપણું ખ્રિસ્ત સાથેનું જીવંત થયું અને તેની સાથે સ્વર્ગીય સ્થાનોમાં ચડી ગયું. તમે ખામીઓ,દોષ,પાપો અને શરમનું પોટલું પાછળ છોડી દીધું.

તમે ખ્રિસ્તમાં છો અને તે તમારામાં છે. તમે તમારા જૂના જીવનની અદલાબદલી નવા જીવન સાથે કરી. હવે તમારામાં દેવનો આત્મા તમારી પાસે છે અને તમારો માનવીય આત્મા દેવના જીવન સાથે પુનસ્થાપિત થયો છે. તમે ખ્રિસ્તમાં છો અને સાથેસાથે તમારા અનંતજીવનની મહાન મુસાફરીમાં છો તમારો પુનર્જન્મ થયો છે.



યોહાન ૩:૬, યોહાન ૧૧:૨૫-૨૬, રોમન ૫:૫, રોમન ૬:૪-૬, રોમન ૮:૧૦, કલોસી ૨:૧૨-૧૪, કલોસી ૩:૧-૩, એફેસી ૧:૧૩b, એફેસી ૨:૬



જો તમે તમારી પ્રાર્થનામાં નિષ્ઠાવાન છો. તો હવે તમે નવા કુટુંબના સભ્ય છો – દેવનું કુટુંબ. ઈશ્વરપિતા આપણ સર્વને પોતાના બાળકો તરીકે દત્તક લે છે અને આપણે આપણા મોટાભાઈ ઈસુ સાથે સહવારસો બનીએ છીએ. તે તમને સ્વીકારે છે અને પોતાના કુટુંબના એક ભાગ તરીકે તમને બિનશરતી પ્રેમ કરે છે. તમે ઈશ્વરનું બાળક છો.

ગીતશાસ્ત્ર ૧૬:૧૧, રોમન ૫:૧૧, રોમન ૮:૧૫-૧૭અ, ૨ કરિંથી ૫:૧૭, ફિલિપ્પી ૩:૨૦અ, હિબ્રૂ ૨:૧૧-૧૨, પ્રકટીકરણ ૨૧:૨

ખ્રિસ્તે પાપનો જે બોજો ઉઠાવેલો તેની સાથે વધસ્તંભ ઉપર તમારું જૂનું માણસપણું મરણ પામ્યું હતું. તમે તેનાથી છૂટી શકો છો કે તમારે હવે પાપોના, વ્યસનોના, અને માણસના અન્ય સ્વાર્થી માર્ગોના ગુલામ રહેવાની જરૂર નથી. તમે ખ્રિસ્ત સાથે મરણ પામ્યા અને તમને મરણથી ડરાવવામાં આવશે નહિ કેમ કે શેતાનનું ભયનું હથિયાર બેઅસર કરી કાઠવામાં આવ્યું છે.



આ નવા અનતંજીવન સાથે નવી હિંમત અને નિડરતા આવે છે. મરણને હવે તમારી ઉપર પ્રભાવ અને સત્તા રહ્યાં નથી. છેતરપિંડી, ચોરી, જૂઠ અને ઘણી બીજી બાબતોના આપણા પાપો માટે ખ્રિસ્ત મરણ પામ્યો. આપણો પાપી સ્વભાવ આપી દેવા આપણે તેની સાથે મરણ પામ્યા. આપણને આપણી રીતે અથવા દેવની રીતે બાબતો કરવાની પસંદગીની સ્વતંત્રતા છે. ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણી ઈચ્છા અને જીવનોને દેવની કાળજીમાં ફેરવ્યા પહેલા આ પસંદગીઓ આપણી પાસે નહતી.


રોમન ૬:૧૧-૧૩, રોમન ૮:૧-૨, રોમન ૮:૧૫-૧૭અ, ગલાતી ૫:૧૬, કલોસી ૨:૬-૭,
૨ તિમોથી ૧:૭, હિબ્રૂ ૨:૧૪-૧૫



આ સત્ય પૂરેપૂરી રીતે સમજવું આપણી માટે મુશ્કેલ હોઈ શકે છે કેમ કે આપણા શરીરો અને પ્રાણો – આપણા વ્યક્તિવ્ય – હજી પણ આ પૃથ્વીના જીવનમાં જીવી રહ્યાં છે. પણ હવે ખ્રિસ્તનો આત્મા આપણામાં રહે છે આપણે આત્મિક માણસો છીએ. જો આપણે એ ભરપૂર જીવન મેળવવા માગીએ છીએ જે દેવ આપણને આપવા માગે છે તો આપણે આ ઘટનાઓને વિશ્વાસ દ્વારા સ્વીકારવી જોઈએ. મારી વિચારધારા બદલો અને તમે કોણ છો અને ક્યાં છો તે દ્રશ્ય જુઓ. તમારા પિતા સાથે તમારું મન સ્વર્ગી બાબતો પર લગાડો અને પૃથ્વી પરના આપણા દૈનિક જીવનોમાં જે કચરો અસ્તિત્વ ધરાવે છે તેમાં નહિ. તમે દેવના કુટુંબમાં શુદ્ધ હર્ષ મેળવશો તમારું જૂનું માણસપણું મરણ પામ્યું છે અને ઈસુ ખ્રિસ્તમાં તમને નવું માણસપણું છે. તે આખી નવી વિચારધારા છે તમે રૂપાંતરિત થયા છો.

રોમન ૮:૫-૬, રોમન ૧૨:૨, ૧ કરિંથી ૨:૧૬, એફેસી ૨:૬, ફિલિપ્પી ૨:૫, ફિલિપ્પી ૩:૨૦અ, ફિલિપ્પી ૪:૬-૮, કલોસી ૩:૧-૩, ૨ તિમોથી ૧:૭

આપણો વારસો આપણા જૈવિક માબાપ અને આદમનની વંશાવળીમાં અથવા દેવનાકુટુંબમાં હોઈ શકે છે. તે સિવાય બીજી કોઈ પસંદગીઓ નથી. ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસથી અલગ આપણે દરેક આદમમાં રહીએ છીએ.



ઘણા વિશ્વાસીઓ વિચારે છે કે તેઓ એક પગ આદમની વંશાવળીમાં (અથવા આપણા પૃથ્વીના કુટુંબમાં)અને બીજો પગ દેવના કુટુંબમાં રાખી શકે છે. તેનું પરિણામ છે આંતરિક ઘર્ષણ અને આત્મિક પતન. સ્પષ્ટ પસંદગી કરવામાં નિષ્ફળ જવાથી આપણે ગુંચવાયેલા રહીએ છીએ અને દેવ પાસે આપણી માટે જે વિજય છે તેનાથી વંચિત રહીએ છીએ.

માથ્થી ૭:૧૩-૧૪, રોમન ૬:૧૬, રોમન ૭:૧૪-૨૫, રોમન ૮:૧-૨, ૧ કરિંથી ૧૫:૨૨, ગલાતી ૫:૧૬, ફિલિપ્પી ૩:૨૦

જેમ ઈશ્વર ત્રણ વ્યક્તિ છે (પિતા,પુત્ર અને પવિત્રઆત્મા) આપણે પણ ત્રણ પરિણામોમાં છીએ આપણે એ શરીરોમાં જીવીએ છીએ જે આપણી ઈન્દ્રિયો દ્વારા આસપાસના વાતાવરણ સાથે જોડાયેલા છીએ. આપણને પ્રાણો છે જે આપણું વ્યક્તિત્વ છે જેમાં આપણા મન, ઈચ્છા અને લાગણીઓ રહેલા છે. અને આપણે હવે આત્મા છીએ જે ઈસુ સાથેના વધસ્તંભ પરના આપણા મરણ, દફન પુનરૂત્થાન દ્વારા તેના પરના ભરોસા તથા જ્ઞાન દ્વારા જાગૃત થયેલ છે. આપણું આત્મિક પરિણામ એ આપણો ભાગ છે જે દેવ સાથે જોડાયેલ છે.



ઉત્પત્તિ ૨:૭, માથ્થી ૩:૧૩-૧૭, યોહાન ૩:૬, રોમન ૮:૧૦, ૧ કરિંથી ૩:૧૬ -૧૮, ૧ થેસ્સા ૫:૨૩ -૨૪, હિબ્રૂ ૪:૧૨

ઈસુ ખ્રિસ્તને સમર્પણની આપણી ભૂમિકા તદ્દન અને સંપૂર્ણ હોવી જોઈએ. તેની ઈચ્છા છે કે તે પોતાનું જીવન આપણામાં અને આપણા દ્વારા જીવે જેથી આ પૃથ્વી પર તેનો હેતુ પરિપૂર્ણ થઈ શકે,



આપણે વાસ્તવિક રીતે ખ્રિસ્તનું શરીર છીએ અને તે ઈચ્છે છે કે આપણા દરેકનો તે ઉપયોગ બીજાઓ સુધી પહોંચવા અને કુટુંબ વિસ્તારવા કરે. દેવના કુટુંબમાં સ્વાગત છે. તમે નવી ઉત્પત્તિ છો! જૂના માણસપણાને “વિદાય” કહે અને નવા માણસપણાને “સ્વાગત છે” કહો,ઈસુ તમારામાં રહે છે.

રોમન ૬:૧૧-૧૩, રોમન ૮:૧૦, રોમન ૧૨:૧, રોમન ૧૨:૪-૫, ૧ કરિંથી 3:૧૬, ૧ કરિંથી ૬:૧૯-૨૦, ૨ કરિંથી ૫:૧૬-૨૧, એફેસી ૪:૨૧-૨૪, ફિલિપ્પી ૨:૫-૮, કલોસી ૧:૨૭, ૧ યોહાન 3:૧-3, ૧ યોહાન 3:૯-૧૦, ૧ યોહાન ૫:૧૮-૧૯

દેવના બાળક અને ઈસુ સાથે સહવારસ તરીકે આપણે તેની સાથે વારસામાં ભાગીદારી કરવાનું શરૂ કરીએ છીએ. અને ભરપૂર જીવનની ઝાંખી મેળવીએ છીએ. તમારામાં તેના નવા આત્મા સાથે તમે દેવના માર્ગો વિષે વધુ જાણવા માગશો જેથી તમે તેને અનુસરી શકો. દેવે પોતાને તેના પુત્ર ઈસુમાં એકદમ પૂરેપૂરા પ્રગટ કર્યા છે. તેથી તેના વિષે બધું જ શીખી શકાય તે શીખો. બાઈબલ મેળવો અને ઈસુના જીવન વિષે નવો કરાર વાંચો. યોહાનનું પુસ્તક એ સારી શરૂઆત છે. જૂના કરારમાં ઉત્પત્તિના પ્રથમ બાર અધ્યાય સમજાવે છે કે કેવી રીતે બધુ જ શરૂ થયું. તમારા પોતાના બાઈબલમાં આ પુસ્તકમાં પાનાની નીચે આપેલ સંદર્ભો તપાસો, અથવા આ પુસ્તકના સંદર્ભ વિભાગમાં આપેલ બાઈબલ કલમોને જુઓ જેથી સારી રીતે સમજી શકાય કે દરેક પાના ઉપર શું કહ્યું છે.




- પ્રાર્થનામાં તમારા નવા પિતા સાથે વાત કરો. તમારા નવા જીવન માટે અને નવા કુટુંબ માટે તેમનો આભાર માનો. તેમની સાથે મિત્રની જેમ ખુલ્લી રીતે અને નીકટતાથી વાત કરો, જાણે કે તે તમારી પાસે બેઠેલા હોય. તેમની ઈસુના સ્વરૂપમાં કલ્પના કરો તેની સાથે તમારા મોટાભાઈ તરીકે સંબંધ કરી શકો છો.
- બાઈબલ વાંચો. હવે તમારી પાસે નવો આત્મા છે, દેવનો આત્મા તમારામાં છે શાસ્ત્ર શું કહેવા માગે છે તેની તમે નવી સમજદારી મેળવશો. બાઈબલમાંના લખાણ એ દેવના વચન છે અને તમારા નવા પિતા તમારી સાથે વાત કરે તે માટેનો માર્ગ છે તમે કલ્પના કરી શકો તેના કરતા પણ તે તમને વધુ પ્રેમ કરે છે.
- દેવળ, સભાજનો અને અથવા બાઈબલ અભ્યાસજૂથ શોધી કાઢો જ્યાં તમે બીજાઓને મળી શકો અને તમારા વિશ્વાસમાં વૃદ્ધિ પામતા સમર્પિત બની રહો. તમારા સ્વર્ગીય પિતા બીજા વિશ્વાસીઓ દ્વારા તમારી સાથે વાત કરશે.
- ઈસુને સમર્પણ કર્યા પછી બાપ્તિસ્મા અનુસરવું જોઈએ. ઈસુના અનુકરણનું, તેની આધીનતાનું અને તેની સાથેની ઓળખનું આ કૃત્ય છે.
- ખ્રિસ્તી વિશ્વાસમાં કોઈ ટેકો આપનાર શોધી કાઢો એવું કોઈ જે તમને શિષ્ય બનાવે અથવા માવજત કરી શકે જેની પાસેથી તમે શીખી શકો અને જેના પ્રત્યે તમે જવાબદાર હોઈ શકો.
- ઈસુમાંના તમારા નવા વિશ્વાસ અને ભરોસા વિષે અન્યોને જઈને જણાવો.
- અમે બાઈબલ ખરીદીને પોતાની એક પ્રત રાખવાની ભલામણ કરીએ છીએ. જેનું શિર્ષક પવિત્ર બાઈબલ છે. અથવા પવિત્ર શાસ્ત્ર છે.


ઈશ્વર તમારી આત્મિક સફર આશીર્વાદિત કરે.

યહોશુઆ ૧:૮, માથ્થી ૩:૧૩-૧૭, માથ્થી ૭:૭-૮, માથ્થી ૧૦:૩૨, યોહાન ૧૪:૧૩-૧૪,
યોહાન ૧૫:૭, ફિલિપ્પી ૪:૬-૭, હિબ્રૂ ૪:૧૨, યાકૂબ ૫:૧૫-૧૬, ૧ યોહાન ૧:૯

આ જગતનું રૂપ તમે ન ધરો, પણ તમારા મનથી
નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી
ઈશ્વરની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે, તે
તમે પારખી શકો.
રોમન ૧૨:૨



પણ તમે મને જોશો. હું જીવું છું, માટે તમે પણ જીવશો.
તે દિવસે તમે જાણશો કે, હું મારા પિતામાં છું, અને તમે
મારામાં છો, અને હું તમારામાં છું.
યોહાન ૧૪:૧૯બ-૨૦




આપણે તેની સાથે વધસ્તંભે જડાવાયા, તેની સાથે દફનાવવામાં આવ્યા, તેની સાથે ઉઠાડવામાં આવ્યા, અને હવે આપણને દેવની રૂબરૂ હાજરીમાં તેની સાથે બેસાડવામાં આવ્યા છે.



તેમણે આપણને ખ્રિસ્ત સાથે મરણમાંથી સજીવન કર્યા છે. અને સ્વર્ગીય સ્થાનોમાં તેની સાથે બેસાડ્યા છે કારણ કે આપણે ખ્રિસ્ત ઈસુ સાથે એક થયા છે.

એફેસી ૨:૬.



ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો, પરંતુ હું જીવું છું,
તોપણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે;
અને હવે દેહમાં જે મારું જીવન તે ઈશ્વરના દીકરા
પરના વિશ્વાસથી જ છે. તેમણે મારા પર પ્રેમ રાખ્યો,
અને મારે માટે પોતાનું અર્પણ કર્યું.

ગલાતી ૨:૨૦

# હવે તમે દેવનું બાળક છો...

દેવના નવા બાળક તરીકે તમને તેના પુત્ર અથવા પુત્રી બનવાના બધા જ વિશેષાધિકારો છે. તમે તેની સાથે સંગત કરી શકો છો, તેને પિતા બોલાવી શકો છો, તેના ખોળામાં બેસી  શકો છો, તેની આગળ પોતાનું હૃદય ઠાલવી શકો છો, અને સામાન્ય રીતે તેને હંમેશાં માટે તમારા પ્રેમાળ પિતા, સાથીદાર, મિત્ર, પ્રદાતા અને વિશ્વાસુ થવા દઈ શકો છો. વિશેષાધિકારોની સાથે જવાબદારીઓ પણ હોય છે અને તેને પછીના થોડા પાનાઓમાં સમજાવવામાં આવશે. તમને જવાનું સૂચવવામાં આવ્યું છે અને તમે ખ્રિસ્તને પ્રાપ્ત કર્યા પછી જઈને બીજાઓને તે કહો.

**માટે માણસોની આગળ જે કોઈ મને કબૂલ કરશે, તેને હું પણ મારા આકાશમાંના પિતાની આગળ કબૂલ કરીશ. માથ્થી ૧૦:૩૨**

સમસ્યા એ છે કે આપણને સમજાવવામાં આવ્યું નથી કે તે કેવી રીતે કરવું પણ પ્રક્રિયા સરળ છે અને પછીના થોડા પાનાઓમાં તે સમજાવ્યું છે કે **તમારી વાર્તા કેવી રીતે જણાવવી.** સ્વેચ્છા એ ચાવી છે અને ખ્યાલ સાદો અને સરળ છે જો તમે પ્રાર્થના કરો ત્યારે પ્રમાણિક છો તો ઈસુ પાસે માગો કે તે તમારી ઈચ્છાઓ અને  તમારા જીવનોનો કબજો લે. તે અત્યારે તમારામાં છે અને જે રીતે તમે વિચારો છો, નિર્ણય કરો છો અને અનુભવો છો આ ક્ષણે તે તમારામાં ફેરફારો કરે છે. હું આંધળો હતો અને હવે **હું દેખતો થયો છું (યોહાન ૯:૨૫)** ની જેમ ખ્યાલ સ્પષ્ટ છે. જ્યારે તમે તમારી વાર્તા કહો, ત્યારે તમે આધીન થાઓ છો અને તમે એ કરો છો જે દેવ ઈચ્છે છે કે તમે તે કરો. તમે તમારા નવા જીવનમાં કામે લાગી ગયા છો. યાદ રાખો, તે તમે નથી પણ ખ્રિસ્ત તમારામાં છે તેથી ઈચ્છુક બનો અને તેને બોલવા દો.




# ... આગળ પસાર કરો!

બીજાઓને ઈસુ ખ્રિસ્ત વિષે જણાવવાનું આપણને સોંપવામાં આવ્યું છે અને દેવનું રાજ્ય વધારવાનું સો્પ્યું છે. **(કેમકે માણસનો દીકરો ખોવાયેલું શોધવા તથા તારવાને આવ્યો છે. લૂક ૧૯:૧૦)**. તમે ખ્રિસ્તનું શરીર છો અને પછીના થોડા પાનાઓમાં સૂચનો આપ્યા છે તે પૂરા કરી શકો છો. ઉપલબ્ધતા તેની ચાવી છે. તમે પોતાને ઉપલબ્ધ બનાવો છો જેથી ઈસુ ખ્રિસ્ત આ બીજાઓ સુધી પહોંચાડવા તમારા દ્વારા પોતાનું જીવન જીવી શકે. તે તમને બહાર જવાનું અને અજાણ્યાઓને કહેવાનું ન કહે, પણ જેઓને તમે ઓળખો છો, જુઓ છો અને રોજેરોજ મુલાકાત કરો છો તેને પહોંચો. તેણે તેઓને ક્યારના પસંદ કરી કાઢ્યા છે અને જ્યારે તમે કોઈકના વિષે વિચારો જેના વિષે તમે કલ્પનyા કરી હતી કે તે ઈસુને જાણે ત્યારે તમે ખ્રિસ્તના મનથી વિચારવાની શરૂઆત કરી છે. **કેવી રીતે સાક્ષી આપવી** તે વિભાગ શીખવે છે કે કોઈને ઈસુ ખ્રિસ્ત સાથે પરિચય કરાવવા કેવી રીતે દોરવા અને તેમને દેવની સાથે શાંતિ થાય. સૂચનો મુશ્કેલ નથી. તમારા પક્ષે માત્ર જરૂર છે સ્વેચ્છા અને તમારા દ્વારા ઈસુ ખ્રિસ્તને તેનું જીવન જીવવા દેવાની ઈચ્છા.



**હવે સહુથી પ્રથમ હું એવો બોધ કરું છું કે, સર્વ માણસોને માટે વિનંતી, પ્રાર્થના, આજીજી તથા આભારસ્તુતિ કરવામાં આવે. ૧ તિમોથી ૨:૧**




હું આંધળો હતો અને હવે હું દેખતો થયો છું.
યોહાન ૯:૨૫

# તમારી વાર્તા કેવી રીતે જણાવવી.

## વ્યક્તિગત પૂરાવા દ્વારા ખ્રિસ્તી સાક્ષી

ઈસુ ખ્રિસ્તને જાણવાની અને તેની ઉપર ભરોસો કરવાની વ્યક્તિગત સાક્ષી આપવી એ વ્યક્તિગત સુવાર્તા પ્રચાર કરવાનું પહેલું પગલું છે. બે પ્રકારની વ્યક્તિગત સાક્ષી હોય છે. એક છે. ઐતિહાસિક જે ઈસુ ખ્રિસ્ત ઉપર પ્રભુ અને દેવ અને તમારા આત્માના તારનાર તરીકે ભરોસો કર્યો તે પહેલા, દરમ્યાન અને પછીના સમયના જીવન વિષે કહે છે. બીજી છે વિષય પ્રકારની સાક્ષી અને કદાચ તે તમારા તારણની ઘટના માત્ર હોય અને કદાચ વિશ્વાસ પરિવર્તન કર્યા પછીના જીવનનો અહેવાલ હોય. બીજું ઉદાહરણ એ હોઈ શકે એ વ્યક્તિ જેણે વિશ્વાસ કર્યો હતો કે તે પોતાના જીવનભર ખ્રિસ્તી હતો પણ તેણે જાણ્યું કે તે ખરેખર રીતે દેવને જાણતો નહતો અને પછી તે સમર્પણ તથા પસ્તાવાની અણીએ આવી ગયો. *એ ઉલ્લેખ દ્વારા તમારી સાક્ષી શરૂ કરો જે તમારી તથા તમે જેને જણાવવાના હોય તેની વચ્ચેની કોઈ સામાન્ય બાબતથી શરૂ કરો; એક જ ગામ, એક જ વ્યવસાય, એક જ શાળા વગેરે. અમુક પરસ્પરની રૂચિ શોધી કાઢો.*

# તે કેવી રીતે હતું

તમારી વાર્તા કહેવામાં, તમે યાદ કરીને અને વિગતવાર જણાવીને એ રસ્તા વિષે કહો છો જેણે તમને તમે વિચારો છો અને તમારા જીવનનું સંચાલન કરો છો તે રીતે બદલવા માટે તમને દોર્યા હતાં. આપણે સર્વએ જીવનમાં ખરાબ નિર્ણયો અને ખોટી પસંદગીઓ કરી હતી. જેના માટે આપણે ઈચ્છતા હતાં કે તે ન કરીએ પણ તે ફરીફરીવાર તે કરવા માગીએ છીએ. જો તે પ્રમાણે આપણે ફરી જીવવા માટેની તક અને અવસર મળ્યો હોત. અમુક વખતે એ ઘટનાઓની હારમાળા હોય છે જે આપણને પાછા પાડે છે અથવા તે એક મોટી ભૂલ અથવા કોઈ એક અનઅપેક્ષિત ઘટના હોય છે જે આપણને આપણા જીવનો માટે પુનઃવિચારણા કરવા દોરે છે ગમે તે સંજોગો હોય, આપણા કૃત્યો અથવા વર્તનનું પરિણામ ઉત્પ્રેરક હોઈ શકે છે જે આપણા સ્વનો અંત લાવે છે. જ્યારે તમે જાણો છો કે તમે એ જ રીતે સંચાલન કરી શકતા નથી અને બદલાણને સ્થાન લેવું જોઈએ અથવા તેની ગંભીર કિંમત ચૂકવવી પડશે. તમે કદાચ એ હદ સુધી પહોંચી ગયા હશો જ્યાં તમે પરિણામોની કિંમત ચૂકવી રહ્યાં હોય. આપણા જીવનો મુસાફરીમાં ઘણાઓ એ હદ સુધી પહોંચી ગયા હશે જ્યારે આપણને ભાન થયું હશે કે આપણે પોતાના સ્વ ઉપર હવે આધાર રાખી શકતા નથી. સ્વ એ કાર્ય પૂરું કરતું નથી. આપણે શોધી કાઢવાનું છે કે ખરા ઈશ્વરકોણ છે અને ભૂમિકા ભજવવાનું મૂકી દેવું જોઈએ.



# શું બન્યું

જ્યારેઆપણે પોતાને નમ્ર બનાવ્યા છે અને ભાન થયું છે કે આપણે સૃષ્ટિના સ્વામીઓ નથી, ત્યારે આપણે પોતાના વિકલ્પોને જોવાનું શરૂ કરીશું. વિચિત્ર અને ચમત્કારિક રીતે, ઘોષણાકાર પ્રગટ થશે, એવું કોઈ જે આપણને શ્રેષ્ઠ અને અનંતજીવન તથા દેવ સાથે શાંતિ વિષે કહે છે.  તે કદાચ મિત્ર અથવા સગા અથવા બાળક, ભાઈ અથવા બહેન સ્વરૂપે હોઈ શકે. તે કદાચ તમને દેવળમાં અથવા બાઈબલ અભ્યાસમાં આવવાનું કહી શકે.



કદાચ તે તમને સાક્ષી આપે (પોતાની વ્યક્તિગ સાક્ષી) અને તમારી સમસ્યાઓ પર વધુ આત્મિક અભિગમ અપનાવવાનું સૂચવે, જેમ કે તે ઉપર અથવા તે વિષે તમારી અક્ષમતા કબૂલ કરીને પ્રથમ ઈસુને શોધવો. પણ દેવને શોધતી વખતે કંઈક



બાબત તમારું ધ્યાન દોરે છે અને આખરે તમે સોંપણી કરવા તૈયાર થાઓ છો. અને જીવનની નવી રીત સ્વીકારો છો. તમે દેવનું બાળક બનવા માગો છો અને સર્વ પ્રકારે તમે પ્રાપ્ત કરી શકો છો. તે તમારી સાથે બને છે. તમે ઈસુ ખ્રિસ્ત પર ભરોસો કર્યો છે અને તમારી ઈચ્છા તથા તમારા જીવન ઉપર તે કબજો લે તે માગ્યું છે. તો નવું જીવન શરૂ થઈ ગયું છે.

# હાલ તે કેવી રીતે છે

તમે દેવનું બાળક બન્યા છો, નવો જન્મ પામેલ વિશ્વાસી. તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રભુ, ઈશ્વર તારનાર અને જીવન તરીકે પ્રેમ અને ભરોસો કર્યો છે. તમારું જીવન બદલાઈ ગયું છે. અને તમે નવા વલણ તથા નવા મૂલ્યો સાથે માર્ગ પર છો. તમે હવે તમારા સ્વર્ગીય પિતાને  જવાબદાર છો. આ વિભાગમાં તમારા જીવનને અવરોધનાર માર્ગો વિષે અને તમારી વિચારધારા તેમ જ તમારા વ્યક્તિત્વનું બદલાણ થઈ ગયું છે. તે વિષે વર્ણન કરો છો. સમજાવો કે કેવી રીતે દેવની કૃપા જીવનની મુશ્કેલીઓ સાથે વ્યવહાર કરવા સજ્જ કરે છે અને તમે જ્યારે ખોટા માર્ગે જતા હતાં ત્યારે તમે સુધારીને યોગ્ય બાબત કરવાને તમને કોણે પ્રવૃત્ત કર્યા તમે આ વિભાગમાં સારી અને ખરાબ બાબતો સમજાવી શકો છો. આપણે જાણીએ છીએ કે તે હંમેશાં સારું નથી. મહત્વની બાબત એ છે કે તમારામાં ખ્રિસ્ત છે તે કાર્ય કરે છે અને જે કામ ચાલું છે તે તમે છો.



# પછી શું



હવે અહિંથી આપણે ખ્રિસ્તમાં વૃદ્ધિ પામીએ છીએ. અમુક વખત માર્ગો ખાડા ટેકરાવાળો અને ખાડાઓથી ભરપૂર હોય છે પણ આપણે નવા સાધનોથી આપણી સામે આવનાર અવરોધો અને સમસ્યાઓથી બહાર આવી શકીએ છીએ. આપણી પાસે આપણામાંના પવિત્રઆત્મા દ્વારા દેવનું સામર્થ્ય છે જે આપણને માર્ગ બતાવે છે અને આપણને જૂના જીવનની ખોટી પસંદગીથી દૂર રાખે છે. આપણે બાઈબલનો અભ્યાસ કરીએ છીએ અને ખ્રિસ્તના માર્ગો અને રીતોના અભ્યાસ દ્વારા તેને અનુસરવાનું શીખીએ છીએ. આપણને ભાન થયું છે ને સમજીએ છીએ કે જ્યારે ઈસુ મરણ પામ્યો, આપણું જૂનું માણસપણું તેની સાથે મરણ પામ્યું અને હવે આપણે નવી ઉત્પત્તિ છીએ. આપણે એ જાણવાની તથા સમજવાની જરૂર છે કે ઈસુ ખ્રિસ્ત આપણામાં વસે છે અને તે પ્રાથમિક સત્યને યોગ્ય બનાવે છે જેમ આપણે તારણ પામી રહ્યાં છીએ અને તેની પ્રતિમામાં રૂપાંતર પામીએ છીએ જેમ તમે ખ્રિસ્તી તરીકે પરિપક્વ થતા જાઓ છો તમે પુનરૂત્થાન થયેલ તારનારનું અનુકરણ શરૂ કરો છો. તમને ભાન થવા લાગે છે કે જીવંત ઈશ્વર, ઈસુ ખ્રિસ્ત પોતાનું જીવન તમારામાં જીવવા માગે છે. અને જેઓ તેના છે એટલે દેવના બાળકો તેઓ માટે પોતાની ઈચ્છાઓ તે તમારા દ્વારા પરિપૂર્ણ કરવા માગે છે. તમે વધુને વધુ ખ્રિસ્ત જેવા થતા જાઓ છો. ભૂતકાળને પાછળ છોડીને તેને અનુસરો છો.








ગીતશાસ્ત્ર ૪૦:૩, યોહાન ૯:૨૫, યોહાન ૧૨:૧૭, કલોસી ૪:૫-૬, ૧ થેસ્સા ૧:૬-૮, ૧ પિતર ૩:૧૫, પ્રકટીકરણ ૧૨:૧૧, પ્રકટીકરણ ૧૯:૧૦



# કેવી રીતે સાક્ષી આપવી

**ઈસુ ખ્રિસ્ત સાથે અવિશ્વાસીનો પરિચય કરાવવા માટે સૂચનો.** અનુસરતા દશ સૂચનો એ વધસ્તંભનો સંદેશ અસરકારકતાથી આપવા માટેનું માધ્યમ છે. માર્ગદર્શન ધ્યાનપૂર્વક અનુસરો અને તમે સફળ થશો. તમે અસરકારક બી વાવનાર અને આત્મા જીતનાર બનશો. કદાચ જો તમે દેવનું રાજ્ય વિસ્તારવામાં જોડાયેલા હશો અને તમારા અસ્તિત્વનો મૂળ હેતુ એ જ છે.

• **દશ લોકો વિષે વિચારો.** તેઓ કદાચ મિત્રો, સગા, વહાલાઓ અથવા તમે વ્યવસાયમાં જેઓ સાથે વ્યવહાર કરો છો તે અથવા દૈનિકજીવનમાં જ્યાં તમે ખરીદી કરો છો, રમો છો અને કામ કરો છો તેઓ હોઈ શકે.

• **તેમના નામ લખો.** જ્યારે તમે ખાસ દશ નામ લખી લો, તે કાગળનાં ટૂકડાને એવી રીતે કોઈક જગ્યા પર ચોંટાડો જે તમને દરરોજ તે યાદ કરાવે.

• **દરેક વ્યક્તિનાં તારણ માટે પ્રાર્થના શરૂ કરો.** જ્યારે તમે પ્રાર્થના કરો ત્યારે માગો કે ઈસુ અને અનંતજીવન વિષે સાંભળવા દેવ તેમના મનોને તથા હૃદયોને ઉઘાડે. યાદ રાખો એ આપણે ખરાબ લોકોને સારા બનાવવા માગતા નથી પણ જે અનંતજીવનની ભેટ તમે પ્રાપ્ત કરી છે તે તેઓને આપવા દ્વારા આત્મિક રીતે મરેલાઓને જીવતા કરવા માગીએ છીએ.

• **દરેક માટે એકવીસ દિવસ સુધી સતત પ્રાર્થના કરવી.** દેવ આ ખાસ આત્માઓ વિષે તમે પ્રાર્થનામાં પસાર કરેલા સમયને ગણતો નથી, પણ અમે જાણીએ છીએ કે આદત બનાવવા એકવીસ દિવસ લાગે છે. તેથી ખાતરી રાખશો કે તમે આ સમયગાળા માટે તેઓ માટે પ્રાર્થના કરી હોય. પછી તમે ખોવાયેલાઓ માટે પ્રાર્થના કરવાની શક્તિશાળી આદત પાડી દીધી હશે.



• **એકબીજાનો સંપર્ક કરવાનું શરૂ કરો.** એકવીસ દિવસ પછી તમે તે વ્યક્તિને તમારી પ્રાર્થનાથી ઢાંકી દીધો હશે અને હવે કૃત્ય કરવાનો સમય છે. પહેલાને તમે બોલાવો અને તેને કહો કે તેને બતાવવા માટે તમારી પાસે કંઈક છે અને તેનો કોઈક અર્થ નિકળતો હોય તે તમે જોવા માગો છો. તમારા મિત્રને કોફી પીવા અથવા જમવાનું આમંત્રણ આપો. તમને 'હા' મળે ત્યાં સુધી તેને બોલાવવાનું અથવા સંપર્કકરવાનું ચાલુ રાખો.

• ***ઈશ્વરનું બાળક કેવી રીતે બનવું* તે પુસ્તિકા બતાવો.** તમારા મિત્રને કહો કે તમે નાનું પુસ્તક જોયું હતું અને તેણે તમને પ્રભાવિત કર્યા હતા અને તમે જોવા માગશો તે તેની માટે કંઈક અર્થપૂર્ણ બને. જો તમારી પાસે કોમપ્યુટર અથવા આઈ પેડ અથવા અન્ય મોબાઈલ સાધન હોય તો તમે જોઈ શકોઃ જો તમારી પાસે વાક્તવિક પુસ્તિકા નથી તો ww.howtobeachildofgod.com આના પરથી ઈબુક વાંચો અથવા વિડિયો જુઓ.

• **આખી પુસ્તિકાના પાના પછી પાના જુઓ.** પાના ૧૪ પરની પ્રાર્થના વાંચો, પણ આખી પુક્તિકા પૂરી કરો. તમારા મિત્રને પુસ્તિકા પાછળ આપેલ શાસ્ત્રભાગો બતાવો, એ સમજાવતા કે જો બાઈબલ ઉપલબ્ધ નથી તો તે સરળ સંદર્ભ માટે છે. બતાવો કે કલમ લખાણને અથવા દ્રષ્ટાંતને કેવી રીતે સમજાવે છે અથવા સાબિત કરે છે.




• **તમારી વાર્તા જણાવવી.** તે સમયે, તમારી વાર્તા અથવા સાક્ષી જણાવવાનું શરૂ કરો કે તમે ઈસુ ખ્રિસ્તને કેવી રીતે ઓળખવા લાગ્યા. સાક્ષી સમજાવે છે કેઃ તે *કેવી રીતે હતું, શું બન્યું હતું, હવે કેવું છે.* જો તમારી પાસે સાક્ષી નથી તો તમે બીજા સાથે જોડી શકો છો, તમે વ્યક્તિગત રીતે પુસ્તિકાને વાંચી હોવી જોઈએ, પાના નં. ૧૪ પરની પ્રાર્થના મોટેથી કરો અને તમે જે કંઈ બોલ્યા છો તે માટે હૃદયથી વિશ્વાસ કરો. પછી તમે પાછા જઈને ફરી વાર્તાલાપ આગળ વધારો. લેખ તપાસો *કેવી રીતે તમારી વાર્તા જણાવવીઃ વ્યક્તિગત સાબિતી દ્વારા ખ્રિસ્તી સાક્ષી જે આ પાનાઓમાં આગળ આવે છે.*

• **એક મુખ્ય પ્રશ્ન પૂછો.** તમારા મિત્રને પૂછો કે તમે જે કંઈ કહ્યું હતું તેનો તેની માટે કોઈ અર્થ થાય છે. તેને પૂછો કે જ્યારે તે મરણ પામશે ત્યારે શું તે સ્વર્ગમાં જશે. પૂછો કે તે અનંત જીવનના અર્થ માટે શું વિચારે છે. તેને આત્મિક અને ખ્રિસ્ત કેન્દ્રિત વાર્તાલાપમાં લઈ જાઓ. બોલવા માટે તમને દેવ શબ્દો પૂરા પાડશે, તમારે માત્ર ઈચ્છુંક અને ખુલ્લા રહેવાનું છે.

• **ઈસુ ખ્રિસ્તને જાણવા તમારા મિત્રને દોરો.** જો વ્યક્તિ સકારાત્મક રીતે પ્રતિભાવ આપે છે ("તારી પાસે જે છે તે મારે જોઈએ છે. તું કેવી રીતે ખ્રિસ્તી બન્યો? મારે વધુ જાણવું છે.") પાના નં.૧૪ પરની પ્રાર્થના તરફ પાછા જવા દ્વારા તેને ખ્રિસ્ત પાસે દોરી જાઓ કે *ઈશ્વરના બાળક કેવી રીતે બનવું* અને તમારા મિત્રને મોટેથી જાતે પ્રાર્થના કરવા દો. અથવા તમે તેને પ્રાર્થનામાં દોરી જાઓ. તેની સાથે પ્રાર્થના કર્યા પછી, પાછા લખાણ પર જાઓ અને પાના નં. ૧૫-૨૦ પરના ચિત્ર તરફ એ ખાતરી કરવા કે તે વધસ્તંભના સંદેશ વિષે બધું જ સમજી ગયો છે. જો તમે વિગતવાર હશો તો મહિમામાં એક નવું નામ લખાશે અને તમારો મિત્ર દેવનું બાળક બનશે.

# ફસલ લણવી

જો તમે આ સરળ સૂચનોને અનુસર્યા છો, તો તમે આત્મા જીતનાર બનશો. તેમાં કોઈ પ્રશ્ન અથવા શરત નથી. દેવે તમારું સર્જન એક ખૂબ જ વિશિષ્ટ વ્યક્તિ સાથે અને પ્રભાવના ક્ષેત્ર સાથે કર્યું છે, જે તમે જાણતા હોવ તેવા ચોક્કસ લોકોને અરજ કરવાની રચના સાથે થયું છે. તમારે માત્ર એટલું જ કરવાનું કે તેઓ માટે પ્રાર્થના કરીને તેઓને રજૂઆત કરવી. બાકીનું તે કરશે. તકો છે કે જે વ્યક્તિને તમે સૂચિમાં મૂકો છો તેઓને તેણે પસંદ પણ કર્યા છે. તેઓને તો માત્ર ઘોષણાકારની જરૂર છે અને તે તમે હશો! તમે તમારા મિત્ર સાથે વાત કરતા હોવ ત્યારે દેવ તમારા દ્વારા તેની સાથે વાત કરશે. માત્ર વિશ્વાસ કરો કે સમય અગાઉ આખી પ્રક્રિયા રચાઈ ગઈ હતી અને દેવ તમારા આવવાની રાહ જોતો હતો. પોતાને ઉપલબ્ધ બનાવો અને આપણા પિતા માત્ર એ જ માગી રહ્યાં છે. એકમાત્ર શરત છે કે કદાચ વ્યક્તિનો ખ્રિસ્ત પાસે આવવાનો સમય તદ્દન યોગ્ય ન હોઈ શકે.એવા કિસ્સામાં, તે દિવસે



તમે આત્મા જીતનાર નહિ હોવ, પણ તમે બી વાવનાર હશો. કોઈપણ રીતે તમે તમારા સ્વર્ગીય પિતાને આધીન થશો અને તે તમારી પાસે એ જ માગે છે. જો તમે ઈશ્વરનું બાળક છો. તો તે તમે ક્યારેય નથી, પણ ખ્રિસ્ત તમારામાં છે તે એ કર્તવ્યની કાળજી લે છે.

માથ્થી ૪:૧૯-૨૦, માથ્થી ૧૦:૩૨, લૂક ૯:૬૦, લૂક ૧૦:૨, લૂક ૧૯:૧૦, યોહાન. ૧૫:૧૬, પ્રે કૃ. ૧:૮, પ્રે કૃ. ૯:૨૮, ૧ તિમોથી ૨:૩-૪

## મૂળાક્ષર ક્રમ પ્રમાણે બાઈબલ કલમોનું આખું લખાણ

ઉત્પત્તિ ૨:૧૬-૧૭ અને યહોવા ઈશ્વરે તે માણસને એવો હુકમ આપ્યો, "વાડીના હરેક વૃક્ષ પરનું ફળ તું ખાયા કર. પણ ભલું ભૂંડું જાણવાના વૃક્ષનું તારે ખાવું નહિ; કેમ કે જે દિવસે તું ખાશે તે જ દિવસે તું મરશે જ મરશે." પાના નં. ૬

ઉત્પત્તિ ૨:૭ અને યહોવા ઈશ્વરે ભૂમિની માટીનું માણસ બનાવ્યું, ને તેનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ ફૂંક્યો; અને માણસ સજીવ પ્રાણી થયું. પાના નં. ૨૪

ઉત્પત્તિ ૨:૮-૯ અને યહોવા ઈશ્વરે પૂર્વ તરફ એદનમાં એક વાડી બનાવી; અને તેમાં પોતાના બનાવેલા માણસને રાખ્યું. અને યહોવા ઈશ્વરે ભૂમિમાંથી સર્વ પ્રકારનાં વૃક્ષ જેનાં ફળ જોવામાં સુંદર તથા ખાવામાં સારાં છે તેઓને, ને વળી વાડીની વચમાં જીવનનું વૃક્ષ, તથા ભલુંભૂંડું જાણવાનું વૃક્ષ પણ ઉગાવ્યાં. પાના નં. ૬

ઉત્પત્તિ ૩:૨-૬ સ્ત્રીએ સર્પને કહ્યું, "વાડીના વૃક્ષનાં ફળ ખાવાની અમને રજા છે; પણ ઈશ્વરે કહ્યું છે, 'વાડીની વચ્ચેના વૃક્ષના ફળને તમારે ખાવું કે અડકવું નહિ,' રખેને તમે મરો." અને સર્પે સ્ત્રીને કહ્યું, "તમે નહિ જ મરશો; કેમ કે ઈશ્વર જાણે છે કે તમે ખાશો તે જ દિવસે તમારી આંખો ઊઘડી જશે, ને તમે ઈશ્વરના જેવાં ભલુંભૂંડું જાણનારાં થશો." અને તે વૃક્ષનું ફળ ખાવાને માટે સારું, ને જોવામાં સુંદર, ને જ્ઞાન આપવાને ઇચ્છવાજોગ એવું એ વૃક્ષ છે, તે જોઈને સ્ત્રીએ ફળ તોડીને ખાધું; અને તેની સાથે પોતાનો પતિ હતો તેને પણ આપ્યું, ને તેણે ખાધું. પાના નં. ૬

ઉત્પત્તિ ૩:૨૩ માટે જે ભૂમિમાંથી તેને લીધો હતો તે ખેડવાને યહોવા ઈશ્વરે એદન વાડીમાંથી તેને કાઢી મૂક્યો પાના નં. ૬

એફેસી ૧:૧૧ જેમનામાં આપણે તેમનો વારસો નિમાયા અને જે પોતાની ઇચ્છાના સંકલ્પ પ્રમાણે સર્વ કરે છે, તેમના સંકલ્પ પ્રમાણે આપણે અગાઉથી નિર્મિત થયા હતાં, પાના નં. ૧૮

એફેસી ૧:૧૩-૧૪ તમે પણ સત્યનું વચન એટલે તમારા તારણની સુવાર્તા સાંભળીને, અને તેમના પર વિશ્વાસ રાખીને, તેમનામાં વચનના પવિત્ર આત્માથી મુદ્રાંકિત થયા. એ [આત્મા ઈશ્વરના] પોતાના દ્રવ્ય [રૂપી લોકો] ના ઉદ્ધારના સંબંધમાં તેમના મહિમાને અર્થે આપણા વારસાનું બાનું છે. પાના નં. ૧૭ અને ૧૯

એફેસી ૧:૫-૮ તેમણે પોતાની ઇચ્છા તથા પ્રસન્નતા પ્રમાણે, પોતાને માટે, આપણને ઈસુ ખ્રિસ્ત દ્વારા પુત્રો તરીકે ગણાવાને અગાઉથી નિર્માણ કર્યાં. કે, તેમની કૃપાના મહિમાની સ્તુતિ થાય. એ કૃપા તેમણે [પોતાના] વહાલા [પુત્ર] માં આપણને મફત આપી. એમનામાં, એમના લોહીદ્વારા, તેમની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળી છે. સર્વ જ્ઞાનમાં તથા વિવેકમાં તેમણે આપણા પર એ કૃપાની બહુ વૃદ્ધિ કરી છે. પાના નં. ૧૫ અને ૧૬

એફેસી ૧:૭ એમનામાં, એમના લોહીદ્વારા, તેમની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળી છે. પાના નં. ૪

એફેસી ૨:૧૩ પણ તમે જેઓ પહેલાં દૂર હતા તે તમે હમણાં ખ્રિસ્ત ઈસુમાં ખ્રિસ્તના લોહીએ કરીને પાસે આવ્યા છો. પાના નં. ૧૩

એફેસી ૨:૧૪ કેમ કે તે આપણું સમાધાન છે, તેમણે બંનેનું એક કર્યું, અને [આપણી] વચ્ચેની આડી ભીંત પાડી નાખી છે.પાના નં. ૯

એફેસી ૨:૬ અને સાથે ઉઠાડયા, ને ખ્રિસ્ત ઈસુમાં સ્વર્ગીય સ્થાનોમાં તેમની સાથે બેસાડયા. પાના નં. ૧૯

એફેસી ૨:૮-૧૦ કેમ કે તમે કૃપાથી વિશ્વાસદ્વારા તારણ પામેલા છો. અને એ તમારાથી નથી, એ તો ઈશ્વરનું દાન છે. કરણીઓથી નહિ, રખેને કોઈ અભિમાન કરે. કેમ કે આપણે તેમની કૃતિ છીએ, અને સારી કરણીઓ કરવાને ખ્રિસ્ત ઈસુમાં આપણને ઉત્પન્ન કરવામાં આવ્યા છે. તે [સારી કરણીઓ] વિષે ઈશ્વરે અગાઉથી એમ ઠરાવ્યું કે, આપણે તે પ્રમાણે ચાલીએ. પાના નં. ૮, ૧૫ અને ૧૬

એફેસી ૩:૧૪-૧૬ એ કારણથી પિતા,જેમના નામ પરથી આકાશમાંના તથા પૃથ્વી પરના દરેક કુટુંબને નામ આપવામાં આવે છે, તે પિતાની આગળ હું ઘૂંટણે પડીને વિનંતી કરું છું પાના નં. ૧૭

એફેસી ૪:૨૧-૨૨ જો તમે તેમનું સાંભળ્યું હોય તથા ઈસુમાં જે સત્ય છે તે પ્રમાણે તમે તે વિષેનું શિક્ષણ પામ્યા હો, તો કપટવાસનાઓથી ભ્રષ્ટ થતું તમારી આગલી વર્તણૂકનું જૂનું માણસપણું દૂર કરો, પાના નં. ૨૫

કલોસી ૧:૧૫ તે અદશ્ય ઈશ્વરની પ્રતિમા, સર્વ સૃષ્ટિના પ્રથમજનિત છે; પાના નં. ૧ અને ૨

કલોસી ૧:૨૭બ તે [મર્મ] એ છે કે, તમારામાં ખ્રિસ્ત મહિમાની આશા છે. પાના નં. ૨૫

કલોસી ૨:૧૦ અને તમે તેમનામાં સંપૂર્ણ થયા છો, તે સર્વ રાજ્યનું તથા અધિકારનું શિર છે. પાના નં. ૧૮

કલોસી ૨:૧૨-૧૪ તેમની સાથે તમે બાપ્તિસ્મામાં દટાયા, અને તેમાં પણ જે ઈશ્વરે તેમને મૂએલાંમાંથી ઉઠાડયા, તેમના સામર્થ્ય પરના વિશ્વાસથી તમને તેમની સાથે ઉઠાડવામાં આવ્યા. વળી તમે તમારા અપરાધોમાં તથા તમારા દેહની બેસુન્નતમાં મૂએલા છતાં, તેમણે તમારા સર્વ અપરાધોને માફ કરીને તમને તેમની સાથે જીવતા કર્યાં. અને વિધિઓનું ખત જે આપણી વિરુદ્ધ હતું, અને આપણને પ્રતિકૂળ હતું, તેને ભૂંસી નાખીને તથા વધસ્તંભે તેને ખીલા મારીને વચમાંથી કાઢી નાખ્યું. પાના નં. ૧૯

કલોસી ૨:૬-૭ તેથી જેમ તમે ખ્રિસ્ત ઈસુ પ્રભુને સ્વીકાર્યા છે તેમ તમે તેમનામાં ચાલો, અને તેમનામાં જડ નાખેલા તથા સ્થપાયેલા થઈને, તથા મળેલી શિખામણ પ્રમાણે વિશ્વાસમાં દઢ રહીને તેમની વધારે ને વધારે આભારસ્તુતિ કરો. પાના નં. ૧૫ અને ૧૬

કલોસી ૨:૯ કેમ કે [ખ્રિસ્ત] માં ઈશ્વરત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે. પાના નં. ૧ અને ૨

કલોસી ૩:૧-૩ એ માટે જો તમને ખ્રિસ્તની સાથે ઉઠાડવામાં આવ્યા હોય, તો જયાં ખ્રિસ્ત ઈશ્વરને જમણે હાથે બેઠેલા છે ત્યાંની, એટલે ઉપરની, વાતો શોધો. ઉપરની વાતો પર ચિત્ત લગાડો, પૃથ્વી પરની વાતો પર નહિ. કેમ કે તમે મૂએલા છો, અને તમારું જીવન ખ્રિસ્તની સાથે ઈશ્વરમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે. પાના નં. ૧૯

કલોસી ૪:૫-૬ જેઓ બહાર છે તેઓની સાથે ડહાપણથી વર્તો સમયનો સદ્દુપયોગ કરો. તમારું બોલવું હંમેશાં કૃપાયુક્ત સલૂણું હોય કે, જેથી દરેકને યોગ્ય ઉત્તર આપવો એ તમે જાણો. પાના નં. ૩૬

કારણ કે જો આપણે તેમના મરણની સમાનતામાં [તેમની] સાથે જોડાયા, તો તેમના પુનરુત્થાનની [સમાનતામાં] પણ આપણે [જોડાયેલા] થઈશું. વળી એ જાણીએ છીએ કે આપણું જૂનું માણસપણું તેમની સાથે વધસ્તંભે એ માટે જડાયું કે પાપનું શરીર નિરર્થક થાય, એટલે કે હવે પછી આપણે પાપની ગુલામગીરીમાં રહીએ નહિ. પાના નં. ૧૮ અને ૧૯

કેમ કે જેમ આદમદ્વારા સર્વ મરે છે, તેમ જ વળી ખ્રિસ્તદ્વારા સર્વ સજીવન થશે. પાના નં. ૧૭ અને ૨૩

ગલાતી ૧:૧૫-૧૬

ગલાતી ૨:૨૦ હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો, પરંતુ હું જીવું છું, તોપણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે; અને હવે દેહમાં જે મારું જીવન તે ઈશ્વરના દીકરા પરના વિશ્વાસથી જ છે. તેમણે મારા પર પ્રેમ રાખ્યો, અને મારે માટે પોતાનું અર્પણ કર્યું. પાના નં. ૧૮

ગલાતી ૪:૪-૭ પણ સમય પૂરો થયો, ત્યારે ઈશ્વરે સ્ત્રીથી જન્મેલો, અને નિયમને આધીન જન્મેલો, એવો પોતાનો પુત્ર મોકલ્યો, એ હેતુથી કે જેઓ નિયમને આધીન હતા તેઓને તે છોડાવી લે કે, તેથી આપણે તેમના પુત્રો તરીકે ગણાઈએ.અને તમે પુત્રો છો, એ માટે ઈશ્વરે આપણાં હૃદયમાં પોતાના પુત્રનો આત્મા મોકલ્યો છે, જે 'આબ્બા, પિતા, એમ કહીને હાંક મારે છે. એ માટે હવેથી તું દાસ નથી, પણ પુત્ર છે; અને જો તું પુત્ર છે, તો ઈશ્વરને આશરે વારસ પણ છે. પાના નં. ૧૮

ગલાતી ૫:૧૬ પણ હું કહું છું કે, આત્માથી ચાલો, એટલે તમે દેહની વાસના તૃપ્ત કરશો નહિ.પાના નં. ૨૩

ગલાતી ૫:૨૪ જેઓ ખ્રિસ્તના છે, તેઓએ દેહને તેના વિષયો તથા ઇચ્છાઓ સહિત વધસ્તંભે જડ્યો છે. પાના નં. ૧૭ અને ૧૮

ગીતશાસ્ત્ર ૧૬:૧૧ તમે મને જીવનનો માર્ગ જણાવશો; તમારી સમક્ષ સંપૂર્ણ આનંદ છે; તમારા જમણા હાથમાં અનંતકાળ ટકનારાં સુખદાયક વાનાં છે. પાના નં. ૨૦

ગીતશાસ્ત્ર ૪૦:૩ તેમણે નવું ગીત, એટલે આપણા ઈશ્વરનું સ્તોત્ર, મારા મુખમાં મૂકયું છે; ઘણા તે જોશે અને બીશે, અને યહોવા પર ભરોસો રાખશે. પાના નં. ૩૬

તો જે કામોથી તમે હમણાં શરમાઓ છો, તેથી તમને તે વખતે શું ફળ હતું? કેમ કે તે [કામો] નું પરિણામ મરણ છે. પાના નં. ૯

નીતિવચનો ૧૪:૧૨ એક એવો માર્ગ છે કે, જે માણસોને ઠીક લાગે છે, પણ તેનું પરિણામ મોતનો માર્ગ છે. પાના નં. ૧૧

પણ ઈશ્વર જેમણે મને મારા જન્મના દિવસથી જ જુદો કર્યો હતો, તથા પોતાની કૃપાથી મને બોલાવ્યો હતો તેમને જયારે એ પસંદ પડયું. કે, પોતાના દીકરાને તે મારામાં પ્રગટ કરે, જેથી હું તેમની સુવાર્તા વિદેશીઓમાં પ્રગટ કરું, પાના નં. ૮

પણ પ્રભુની સાથે જે જોડાય છે તે [તેમની સાથે] એક આત્મા થાય છે. પાના નં. ૧૫, ૧૬ અને ૨૪

પાના નં. ૧ અને ૨, અને ૨૨ અને ૨૫

પાના નં. ૨૫

પ્રકટીકરણ ૧૨:૧૧ તેઓએ હલવાનના રક્તથી તથા પોતાની સાક્ષીના વચનથી તેને જીત્યો છે. પાના નં. ૩૬

પ્રકટીકરણ ૧૯:૧૦ ત્યારે તેનું વંદન કરવાને હું તેને પગે પડયો. પણ તેણે મને કહ્યું, "જોજે, એવું ન કરતો; હું તો તારો તથા ઈસુની સાક્ષીને વળગી રહેનારા તારા ભાઈઓનો સાથીદાર છું. ઈશ્વરની આરાધના કર; કેમ કે ઈસુ વિષેની સાક્ષી તો પ્રબોધનો આત્મા છે." પાના નં. ૩૬

પ્રકટીકરણ ૨૧:૨ વળી મેં પવિત્ર નગર, નવું યરુશાલેમ, ઈશ્વરની પાસેથી આકાશમાંથી ઊતરતું જોયું, અને જેમ કન્યા પોતાના પતિને માટે શણગારવામાં આવેલી હોય તેમ તે તૈયાર કરેલું હતું. પાના નં. ૨૦ રોમન ૩:૨૩ કારણ કે બધાએ પાપ કર્યું છે, અને ઈશ્વરના મહિમા વિષે બધા અધૂરા રહે છે. પાના નં. ૭ અને ૧૧

પ્રકટીકરણ ૩:૨૦ જુઓ, હું બારણાં આગળ ઊભો રહીને ખટખટાવું છું; જો કોઈ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેની પાસે અંદર આવીને તેની સાથે જમીશ, ને તે મારી સાથે જમશે. પાના નં. ૯

પ્રેકૃ. ૧:૮ પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો; અને યરુશાલેમમાં, આખા યહૂદિયામાં, સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો." પાના નં. ૪૦

પ્રેકૃ. ૪:૧૨ બીજા કોઈથી તારણ નથી, કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ નીચે માણસોમાં આપેલું નથી." પાના નં. ૮

પ્રેકૃ. ૯:૨૮-૨૯અ ત્યાર પછી યરુશાલેમમાં તેઓની સાથે તે આવજા કરતો રહ્યો. તે હિંમતથી પ્રભુને નામે ઉપદેશ કરતો હતો. પાના નં. ૪૦

ફિલિપ્પી ૨:૫-૮ ખ્રિસ્ત ઈસુનું મન જેવું હતું, તેવું તમે પણ રાખો:પોતે ઈશ્વરના રૂપમાં છતાં, તેમણે ઈશ્વર સમાન હોવાનું પકડી રાખવાને ઇચ્છયું નહિ. પણ તેમણે દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યા. અને માણસના આકારમાં પ્રગટ થઈને, મરણને, હા વધસ્તંભના મરણને આધીન થઈને પોતાને નમ્ર કર્યા.

ફિલિપ્પી ૩:૨૦ ણ આપણી નાગરિકતા આકાશમાં છે, ત્યાંથી પણ આપણે તારનારની, એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તની, રાહ જોઈએ છીએ.પાના નં. ૨૦, ૨૨ અને ૨૩

ફિલિપ્પી ૪:૬-૭ કશાની ચિંતા ન કરો, પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો ઈશ્વરને જણાવો. અને ઈશ્વરની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હ્રદયોની તથા મનોની સંભાળ રાખશે. પાના નં. ૨૬

માથ્થી ૧:૨૦બ-૨૩ કેમ કે તેને જે ગર્ભ રહેલો છે તે પવિત્ર આત્માથી છે. અને તેને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે, કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે." હવે એ બધું એ માટે થયું કે, પ્રભુએ પ્રબોધકોની મારફતે જે કહાવ્યું હતું તે પૂરું થાય એટલે, "જુઓ, કુંવારી ગર્ભવતી થશે, ને તેને દીકરો થશે, અને તેનું નામ તેઓ ઈમ્માનુએલ પાડશે, જેનો અર્થ એ છે કે, ઈશ્વર આપણી સાથે." પાના નં. ૧

માથ્થી ૧૦:૩૨ માટે માણસોની આગળ જે કોઈ મને કબૂલ કરશે, તેને હું પણ મારા આકાશમાંના પિતાની આગળ કબૂલ કરીશ. પાના નં. ૪૦

માથ્થી ૨૬:૨૮-૨૯ કેમ કે [નવા] કરારનું એ મારું લોહી છે, જે પાપોની માફીને અર્થે ઘણાઓને માટે વહેવડાવવામાં આવે છે. અને હું તમને કહું છું કે, હું મારા પિતાના રાજ્યમાં તમારી સાથે નવો દ્રાક્ષારસ નહિ પીઉં, તે દિવસ સુધી હું હવેથી તે પીનાર જ નથી." પાના નં. ૪

માથ્થી ૨૭:૫૭-૬૧ અને સાંજ પડી ત્યારે યૂસફ નામે અરિમથાઈનો એક દ્રવ્યવાન માણસ કે, જે પોતે પણ ઈસુનો શિષ્ય હતો, તે આવ્યો. તેણે પિલાત પાસે જઈને ઈસુની લાસ માગી. ત્યારે પિલાતે તે તેને સોંપવાની આજ્ઞા આપી. પછી યૂસફે લાસ લઈને શણના સફેદ લૂગડામાં તે વીંટાળી, અને ખડકમાં ખોદાવેલી પોતાની નવી કબરમાં તેને મૂકી, અને એક મોટો પથ્થર કબરના મોં પર ગબડાવીને તે ચાલ્યો ગયો. અને મગ્દલાની મરિયમ તથા બીજી મરિયમ ત્યાં કબરની સામે બેઠેલી હતી. પાના નં. ૪

માથ્થી ૩:૧૩-૧૭ ત્યારે ઈસુ યોહાનથી બાપ્તિસ્મા પામવા માટે ગાલીલથી યર્દન [નદીએ] તેની પાસે આવ્યા. પણ યોહાને તેમને વારતાં કહ્યું, "તમારાથી મારે બાપ્તિસ્મા પામવું જોઈએ, ને શું તમે મારી પાસે આવો છો?" પણ ઈસુએ તેને ઉત્તર આપ્યો, "હમણાં એમ થવા દે; કેમ કે સર્વ ન્યાયીપણું એમ પૂરું કરવું આપણ માટે ઘટિત છે." ત્યારે તેણે તેમને બાપ્તિસ્મા પામવા દીધું. અને ઈસુ બાપ્તિસ્મા પામીને તરત પાણીમાંથી નીકળી આવ્યા; અને જુઓ, તેમને માટે આકાશ ખૂલી ગયું, ને ઈશ્વરના આત્માને કબૂતરની જેમ ઊતરતો ને પોતા પર આવતો તેમણે જોયો. અને જુઓ, આવી આકાશવાણી થઈ, "આ મારો વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું." પાના નં. ૩ અને ૨૬

માથ્થી ૪:૧૯-૨૦ અને તે તેઓને કહે છે, "મારી પાછળ આવો ને હું તમને માણસોને પકડનારા કરીશ." અને તેઓ તરત જાળો મૂકીને તેમની પાછળ ગયા. પાના નં. ૪૦

માથ્થી ૭:૧૩-૧૪ તમે સાંકડે બારણેથી અંદર પેસો. કેમ કે જે માર્ગ નાશમાં પહોંચાડે છે, તે પહોળો છે, ને તેનું

બારણું મોટું છે, ને ઘણા તેમાં થઈને પેસે છે. કેમ કે જે માર્ગ જીવનમાં પહોંચાડે છે, તે સાંકડો છે, ને તેનું બારણું નાનું છે. અને જેઓને તે જડે છે તેઓ થોડા જ છે. પાના નં. ૨૩

માથ્થી ૭:૨૮-૨૯ અને ઈસુ એ વાતો કહી રહ્યા, ત્યારે એમ થયું કે, લોકો તેમના ઉપદેશથી અચરત થયા. કેમ કે શાસ્ત્રીઓની જેમ નહિ, પણ જેને અધિકાર હોય છે, તેની જેમ તે તેઓને ઉપદેશ કરતા હતા. પાના નં. ૩

માથ્થી ૭:૭-૮ માગો, તો તમને મળશે, શોધો, તો તમને જડશે, ખટખટાઓ તો તમારે માટે ઉઘાડાશે. કેમ કે જે હરેક માગે છે તે પામે છે, ને જે શોધે છે તેને જડે છે, ને જે ખટખટાવે છે તેને માટે ઉઘાડવામાં આવશે. પાના નં. ૨૬

માર્ક ૬:૨-૩ અને વિશ્રામવાર આવ્યો ત્યારે ઈસુ સભાસ્થાનમાં બોધ કરવા લાગ્યા; અને ઘણાએ એ સાંભળીને છક થઈને કહ્યું, "આ બધું તેમની પાસે ક્યાંથી? અને તેમને જે બુદ્ધિ અપાઈ તે કેવી છે? અને એમના હાથથી આવાં પરાક્રમી કામો ક્યાંથી થાય છે? શું એ સુથાર નથી? શું એ મરિયમનો દીકરો, યાકૂબ તથા યોસે તથા યહૂદા તથા સિમોનનો ભાઈ નથી? શું એમની બહેનો અહીં આપણી પાસે નથી? અને તેઓએ તેમના સંબંધી ઠોકર ખાધી. પાના નં. ૫

યહોશુઆ ૧:૮ એ નિયમશાસ્ત્ર તારા મોંમાંથી જાય નહિ. પણ દિવસે તથા રાત્રે તનું મનન કર, કે તેમાં જે બધું લખેલું છે તે તું કાળજઈથી પાળે; કારણકે ત્યારે જ તારો માર્ગ આબાદ થશે, અને ત્યારે જ તું ફતેહ પામશે. પાના નં. ૨૬

યાકૂબ ૫:૧૬ તમે નીરોગી થાઓ માટે તમારાં પાપ એકબીજાની આગળ કબૂલ કરો, અને એકબીજાને માટે પ્રાર્થના કરો. ન્યાયી માણસની પ્રાર્થના પરિણામે બહુ સાર્થક થાય છે. પાના નં. ૨૬

યોહાન ૧:૧૪ શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો (અને પિતાના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે જોયો). તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો. પાના નં. ૧ અને ૨

યોહાન ૧૦:૧૦ ચોરી કરવા, મારી નાખવા તથા નાશ કરવા સિવાય બીજા કોઈ ઇરાદાથી ચોર આવતો નથી. તેઓને જીવન મળે, અને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું. પાના નં. ૯

યોહાન ૧૦:૩૦ હું તથા પિતા એક છીએ."પાના નં. ૧ અને ૨

યોહાન ૧૧:૨૫-૨૬ ઈસુએ તેને કહ્યું, "પુનરુત્થાન તથા જીવન હું છું. જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તોપણ જીવતો થશે, અને જે કોઈ જીવે છે, અને મારા પર વિશ્વાસ રાખે છે, તે કદી મરશે નહિ જ. તું શું એવો વિશ્વાસ રાખે છે?" પાના નં. ૧૫, ૧૬ અને ૧૯ 19

યોહાન ૧૨:૧૭ તેમણે લાજરસને કબરમાંથી બોલાવ્યો, અને મરી ગયેલાંઓમાંથી ઉઠાડયો, તે વખતે જે લોકો તેમની સાથે હતા, તેઓએ સાક્ષી આપી. પાના નં. ૩૬

યોહાન ૧૪:૧૩-૧૪ અને જે કંઈ મારે નામે તમે માગશો, તે હું કરીશ, જેથી પિતા દીકરામાં મહિમાવાન થાય. જો તમે મારે નામે કંઈ મારી પાસે માગશો, તો તે હું કરીશ. પાના નં. ૨૬

યોહાન ૧૪:૨૦ તે દિવસે તમે જાણશો કે, હું મારા પિતામાં છું, અને તમે મારામાં છો, અને હું તમારામાં છું. પાના નં. ૧૮ અને ૧૯

યોહાન ૧૪:૬-૭ ઈસુ તેને કહે છે, "માર્ગ તથા સત્ય તથા જીવન હું છું. મારા આશ્રય વિના પિતાની પાસે કોઈ આવતું નથી. તમે જો મને ઓળખત તો મારા પિતાને પણ ઓળખત. હવેથી તમે તેમને ઓળખો છો અને તેમને જોયા છે." પાના નં. ૧૩, ૧૫, અને ૧૬

યોહાન ૧૫:૧૬ તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે, ને તમને નીમ્યા છે કે, તમે જઈને ફળ આપો, અને તમારાં ફળ કાયમ રહે, જેથી તમે મારે નામે જે કંઈ પિતાની પાસે માગો તે તમને તે આપે. પાના નં. ૪૦

યોહાન ૧૫:૭ જો તમે મારામાં રહો, અને મારાં વચન તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો, એટલે તે તમને મળશે. પાના નં. ૨૬

યોહાન ૧૬:૨૮

યોહાન ૧૬:૩૩ મારામાં તમને શાંતિ મળે માટે મેં તમને એ વચનો કહ્યાં છે. જગતમાં તમને સંકટ છે, પણ હિંમત રાખો; જગતને મેં જીત્યું છે." પાના નં. ૧૦

યોહાન ૩:૧૬ કેમ કે ઈશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ માટે કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. પાના નં. ૧૨

યોહાન ૩:૬ જે દેહથી જન્મેલું છે તે દેહ છે; અને જે આત્માથી જન્મેલું છે તે આત્મા છે. પાના નં. ૧૯ અને ૨૪

યોહાન ૯:૨૫ ત્યારે તેણે ઉત્તર આપ્યો, "તે પાપી છે કે નહિ, એ હું જાણતો નથી. એક વાત હું જાણું છું કે, હું આંધળો હતો અને હવે હું દેખતો થયો છું." પાના નં. ૩૬

રોમન ૧૦:૧૩ કેમ કે જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે. પાના નં. ૧૫ અને ૧૬

રોમન ૧૦:૯ જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને ઈશ્વરે તેમને મૂએલાંમાંથી પાછા ઉઠાડયા, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ, તો તું તારણ પામીશ પાના નં. ૧૫ અને ૧૬

રોમન ૧૨:૧ તેથી, ભાઈઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે, ઈશ્વરની દયાની ખાતર તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા ઈશ્વરને પસંદ પડે એવું, અર્પણ કરો; એ તમારી બુદ્ધિપૂર્વક સેવા છે. પાના નં. ૨૫

રોમન ૧૨:૪-૫ કેમ કે જેમ આપણા શરીરના ઘણા અવયવો છે, અને બધા અવયવોને એક જ કામ [કરવાનું] નથી, તેમ આપણે ઘણાં હોવા છતાં ખ્રિસ્તમાં એક શરીર છીએ, અને અરસપરસ એકબીજાના અવયવો [છીએ]. પાના નં. ૨૫

રોમન ૫:૧-૨ ત્યારે આપણને વિશ્વાસથી ન્યાયી ઠરાવવામાં આવ્યા છે, તેથી આપણે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરની સાથે સમાધાન પામીએ છીએ. આ જે કૃપામાં આપણે સ્થિર છીએ, તે [કૃપા] માં [ઈસુ] ને આશરે પણ વિશ્વાસથી પ્રવેશ પામેલા છીએ. વળી આપણે ઈશ્વરના મહિમાની આશાથી આનંદ કરીએ છીએ. પાના નં. ૧૦ અને ૧૨

રોમન ૫:૧૧ એટલું જ નહિ, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તદ્વારા આપણો હમણાં મિલાપ થયો છે, તેમને આશરે આપણે ઈશ્વરમાં આનંદ પણ કરીએ છીએ. પાના નં. ૨૦

રોમન ૫:૧૨ તે માટે જેમ એક માણસથી જગતમાં પાપ પ્રવેશ્યું, ને પાપથી મરણ! અને બધાંએ પાપ કર્યું, તેથી સર્વ માણસોમાં મરણનો પ્રસાર થયો. પાના નં. ૭

રોમન ૫:૧૮-૧૯ માટે જેમ એક અપરાધથી સર્વ માણસોને દંડાજ્ઞા થઈ, તેમ એક ન્યાયી કૃત્યથી સર્વ માણસોને જીવનરૂપ ન્યાયીકરણ [નું દાન] મળ્યું. કેમ કે જેમ એક માણસના આજ્ઞાભંગથી ઘણાં પાપી થયાં, તેમ જ એકના આજ્ઞાપાલનથી ઘણાં ન્યાયી ઠરશે. પાના નં. ૭ અને ૧૭

રોમન ૫:૫ અને આશા શરમાવતી નથી, કેમ કે આપણને આપેલા પવિત્ર આત્માથી આપણા અંતઃકરણમાં ઈશ્વરનો પ્રેમ વહેવડાવવામાં આવેલો છે. પાના નં. ૧૯

રોમન ૫:૬ કેમ કે આપણે હજી નિર્બળ હતા, એટલામાં યોગ્ય સમયે અધર્મીઓને માટે ખ્રિસ્ત મરણ પામ્યા. પાના નં. . ૪

રોમન ૫:૯ ત્યારે આપણને હમણાં તેમના રક્તથી ન્યાયી ઠરાવવામાં આવ્યા છે, માટે તેમની મારફતે [ઈશ્વરના] કોપથી બચીશું તે કેટલું બધું ખાતરીપૂર્વક છે! પાના નં. ૮

રોમન ૬:૧૧-૧૩ તેમ તમે પણ પોતાને પાપના સંબંધમાં મરેલાં, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરના સંબંધમાં જીવતા, ગણો. તમે પાપની દુર્વાસનાઓને આધીન ન થાઓ, એ માટે તમે પાપને તમારા મર્ત્ય શરીરમાં રાજ કરવા ન દો. વળી તમારા અવયવોને અન્યાયનાં હથિયાર થવા માટે પાપને ન સોંપો. પણ મૂએલાંમાંથી સજીવન થયેલા એવા તમે પોતાને ઈશ્વરને સોંપો, તથા પોતાના અવયવોને ન્યાયીપણાનાં હથિયાર થવા માટે [ઈશ્વરને સોંપો].

રોમન ૬:૧૬ શું તમે નથી જાણતા કે, જેની આજ્ઞા પાળવા માટે તમે પોતાને દાસ તરીકે સોંપો છો, એટલે જેની આજ્ઞા તમે પાળો છો, તેના દાસ તમે છો; ગમે તો મોતને અર્થે પાપના, અથવા ન્યાયીપણાને અર્થે આજ્ઞાપાલનના? પાના નં. ૯ અને ૨૩

રોમન ૬:૨૧

રોમન ૬:૨૩ કેમ કે પાપનું વેતન મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે. પાના નં. ૧૧

રોમન ૬:૪-૬ તે માટે આપણે બાપ્તિસ્મા દ્વારા તેમની સાથે મરણમાં દટાયા કે, જેમ ખ્રિસ્તને પિતાના મહિમાથી મૂએલાંમાંથી ઉઠાડવામાં આવ્યા તેમ જ આપણે પણ નવા જીવનમાં ચાલીએ.

રોમન ૭:૧૪-૨૫ કેમ કે આપણે જાણીએ છીએ કે નિયમ આધ્યાત્મિક છે; પણ હું દૈહિક છું, અને પાપને વેચાયેલો છું.કેમ કે હું જે કરું છું, તે હું સમજીને [કરતો નથી] :કારણ કે હું જે ઇચ્છું છું તે કરતો નથી, પણ જે હું ધિક્કારું છું તે હું કરું છું. 16ત્યારે હું જે ઇચ્છતો નથી તે જો હું કરું છું, તો હું નિયમ વિષે કબૂલ કરું છું કે તે સારો છે.તો હવે જે તે કરે છે તે તો હું નથી, પણ મારામાં જે પાપ વસે છે તે જ તે કરે છે. કેમ કે હું જાણું છું કે, મારામાં, એટલે મારા દેહમાં, કંઈ જ સારું વસતું નથી; કારણ કે ઇચ્છવાનું તો મારામાં છે, પણ સારું કરવાનું [મારામાં] નથી.કેમ કે જે સારું હું ઇચ્છું છું તે હું કરતો નથી; પણ જે ભૂંડું હું ઇચ્છતો નથી તે હું કર્યા કરું છું,હવે જો હું જે ઇચ્છતો નથી તે હું કરું છું, તો તે કરનાર હું નથી, પણ મારામાં જે પાપ વસે છે તે છે.તો મને એવો નિયમ માલૂમ પડે છે કે સારું કરવા ઇચ્છું છું ત્યારે ભૂંડું હાજર હોય છે. કેમ કે હું મારા આંતરિક મનુષ્ય પ્રમાણે ઈશ્વરના નિયમમાં આનંદ માનું છું.પણ હું મારા અવયવોમાં એક જુદો નિયમ જોઉં છું, તે મારા મનના નિયમની સામે લડે છે, અને મારા અવયવોમાં રહેલા પાપના નિયમના બંધનમાં મને લાવે છે.હું કેવો દુર્ભાગી માણસ છું! મને આ મરણના શરીરથી કોણ મુક્ત કરશે? આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે હું ઈશ્વરની આભારસ્તુતિ કરું છું. એ પ્રમાણે હું પોતે મનથી ઈશ્વરના નિયમની પણ દેહથી પાપના નિયમની, સેવા કરું છું. પાના નં. ૨૩

રોમન ૮:૧-૨ એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે શિક્ષા નથી. કેમ કે ખ્રિસ્ત ઈસુમાં જીવનના આત્માનો જે નિયમ છે તેણે મને પાપના તથા મરણના નિયમથી મુક્ત કર્યો છે. પાના નં. ૧૭ અને ૨૩

રોમન ૮:૧૦ જો ખ્રિસ્ત તમારામાં છે તો પાપને લીધે [તમારું] શરીર તો મરેલું છે; પણ ન્યાયીપણાને લીધે

[તમારો] આત્મા જીવે છે. પાના નં. ૧૯ અને ૨૪ અને ૨૫

રોમન ૮:૧૫-૧૭ કેમ કે ફરીથી તમને ભય લાગે એવો દાસત્વનો આત્મા તમને મળ્યો નથી, પણ તમને દત્તકપુત્રપણાનો આત્મા મળ્યો છે, તેને લીધે આપણે આબ્બા, પિતા, એવી હાંક મારીએ છીએ. આપણા આત્માની સાથે પણ [પવિત્ર] આત્મા પોતે સાક્ષી આપે છે કે આપણે ઈશ્વરનાં છોકરાં છીએ, હવે જો છોકરાં છીએ, તેઓ વારસ પણ છીએ. એટલે ઈશ્વરના વારસ છીએ, અને ખ્રિસ્તની સાથે વારસાના ભાગીદાર છીએ. તેમની સાથે મહિમા પામવાને માટે જો આપણે તેમની સાથે દુ:ખ સહન કરીએ તો.પાના નં. ૨૦ અને ૨૧ 4

રોમન ૮:૩ કેમ કે દેહને લીધે નિયમ નિર્બળ હતો, તેથી જે [કામ] તેને અશક્ય હતું તે ઈશ્વરે [કર્યું, એટલે] પોતાના દીકરાને પાપી દેહની સમાનતામાં, અને પાપાર્થાર્પણને માટે મોકલીને તેમના દેહમાં પાપને શિક્ષા ફરમાવી, પાના નં. ૧ અને ૨ અને ૪

રોમન ૮:૩૭ તોપણ જેમણે આપણા ઉપર પ્રેમ રાખ્યો છે, તેમને આશરે આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ. પાના નં. ૯

રોમન ૮:૫-૬ કેમ કે જેઓ દૈહિક છે તેઓ દૈહિક બાબતો ઉપર મન લગાડે છે; પણ જેઓ આત્મિક છે તેઓ આત્મિક બાબતો ઉપર [મન લગાડે છે]. દૈહિક મન તે મરણ છે; પણ આત્મિક મન તે જીવન તથા શાંતિ છે. પાના નં. ૧૭ અને ૨૩

લૂક ૧:૭૮-૭૯ આપણા ઈશ્વરની ઘણી દયાથી અરુણોદય ઉપરથી આપણા પર આવશે, જેથી અંધારામાં તથા મરણની છાયામાં જેઓ બેઠેલા છે તેઓને તે પ્રકાશ પમાડે. તથા આપણા પગને શાંતિના માર્ગમાં દોરી જાય." પાના નં. ૧૦

લૂક ૧૦:૨ તેમણે તેઓને કહ્યું,"ફસલ પુષ્કળ છે ખરી, પણ મજૂરો થોડા છે; માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે તે પોતાની ફસલને માટે મજૂરો મોકલે." પાના નં. ૪૦

લૂક ૧૯:૧૦ કેમ કે ખોવાયેલું શોધવા તથા તારવા માટે માણસનો દીકરો આવ્યો છે." પાના નં. ૪૦

લૂક ૨:૪૦ તે છોકરો મોટો થયો, અને જ્ઞાનથી ભરપૂર થઈને બળવાન થયો. અને ઈશ્વરની કૃપા તેના પર હતી. પાના નં. ૩

લૂક ૨:૪૧-૪૭ તેનાં માબાપ વરસોવરસ પાસ્ખાપર્વમાં યરુશાલેમ જતાં હતાં. તે બાર વરસનો થયો ત્યારે તેઓ રીત પ્રમાણે પર્વમાં ગયાં. [પર્વના] દિવસો પૂરા કરીને તેઓ પાછાં જવા લાગ્યાં, ત્યારે છોકરો ઈસુ યરુશાલેમમાં પાછળ રહ્યો. અને તેનાં માબાપને તેની ખબર પડી નહિ પણ તે સંઘમાં હશે, એમ ધારીને તેઓએ એક આખો દિવસ ચાલ્યા પછી પોતાનાં સગાંઓમાં તથા ઓળખીતાંઓમાં તેને શોધ્યો. 45તે તેઓને જડ્યો નહિ, ત્યારે તેઓ તેને શોધતાં શોધતાં યરુશાલેમ પાછાં ગયાં. ત્રણ દિવસ પછી તેઓએ તેને મંદિરમાં ધર્મગુરુઓની વચમાં બેઠેલો, તેઓનું સાંભળતો તથા તેઓને સવાલો પૂછતો જોયો. જેઓએ તેનું સાંભળ્યું તેઓ બધા તેની બુદ્ધિથી તથા તેના ઉત્તરોથી આશ્ચર્ય પામ્યા. પાના નં. ૩

લૂક ૨:૫૨ ઈસુ જ્ઞાનમાં તથા કદમાં, ને ઈશ્વરની તથા માણસોની પ્રસન્નતામાં વધતો ગયો. પાના નં. ૩

લૂક ૨૪:૧-૭ અઠવાડિયાને પહેલે દિવસે પ્રભાતે, જે સુગંધી દ્રવ્યો તેઓએ તૈયાર કર્યાં હતાં, તે લઈને તેઓ કબરે આવી. તેઓએ કબર પરથી પથ્થર ગબડાવી દીધેલો જોયો. તેઓ અંદર પેઠી, પણ પ્રભુ ઈસુનું શબ તેઓએ જોયું નહિ. એ સંબંધી તેઓ ગૂંચવણમાં પડી હતી, ત્યારે ચળકતાં વસ્ત્ર પહેરેલા બે પુરુષો તેઓની પાસે ઉભા રહ્યા. તેઓએ બીહીને જમીન સુધી પોતાનાં માથાં નમાવ્યાં, ત્યારે તેઓએ તેઓને કહ્યું, "મૂએલાંઓમાં તમે જીવતાને કેમ શોધો છે? તે અહીં નથી, પણ ઊઠયા છે; તે ગાલીલમાં હતા, ત્યારે તેમણે તમને કહ્યું હતું કે, 'પાપી માણસોના હાથમાં માણસનો દીકરો પરસ્વાધીન કરાય, તથા વધસ્તંભે જડાય, તથા ત્રીજે દિવસે પાછો ઊઠે, એ અવશ્યનું છે' તે યાદ કરો." પાના નં. ૫

લૂક ૨૪:૫૦-૫૧ બેથાનિયાની સામે તેઓને બહાર લઈ જઈને તેમણે પોતાના હાથ પ્રસારીને તેઓને આશીર્વાદ આપ્યો. તે તેઓને આશીર્વાદ આપતા હતા, એટલામાં તે તેઓથી છૂટા પડ્યા, અને આકાશમાં લઈ જવામાં આવ્યા. પાના નં. ૫

લૂક ૯:૬૦ પણ તેમણે તેને કહ્યું, "મૂએલાંઓને પોતાનાં મૂએલાંને દાટવા દે, પણ તું જઈને ઈશ્વરના રાજ્ય [ની વાત] પ્રગટ કર."પાના નં. ૪૦

સભાશિક્ષક ૩:૧૧ ઈશ્વરે દરેક વસ્તુને તેને સમયે સુંદર બનાવી છે! વળી ઈશ્વરે માણસોનાં હ્રદયમાં સનાતનપણું એવી રીતે મૂક્યું છે કે આદિથી તે અંત સુધી ઈશ્વરે જે કંઈ કર્યું છે તેનો માણસ પાર પામી શકે નહિ. પાના નં. ૧૦

હઝકિયેલ ૩૬:૨૬-૨૭ હું તમને નવું હ્રદય પણ આપીશ, ને હું તમારી અંદર નવો આત્મા પણ મૂકીશ. અને હું તમારા દેહમાંથી પાષાણમય હ્રદય દૂર કરીશ, ને હું તમને માંસનું હ્રદય આપીશ. હું મારો આત્મા તમારામાં મૂકીશ, ને તમને મારા વિધિઓ પ્રમાણે ચલાવીશ, ને તમે મારી આજ્ઞાઓ પાળશો તથા તેમનો અમલ કરશો. પાના નં. ૮

હિબ્રૂ ૧:૩ તે ઈશ્વરના ગૌરવનું તેજ તથા તેમના સત્વની આબેહૂબ પ્રતિમા છે, અને પોતાના પરાક્રમના શબ્દથી સર્વને નિભાવી રાખે છે, તે પાપનું પ્રાયશ્ચિત કરીને મહાન [પિતા] ની જમણી તરફ ઉચ્ચસ્થાને

બેઠા છે.  પાના નં. ૧, ૨ અને ૫
હિબ્રૂ ૨:૧૧-૧૮  કેમ કે જે પવિત્ર કરે છે, ને જેઓને પવિત્ર કરવામાં આવે છે તેઓ સર્વ એકથી જ છે. એ માટે તે તેઓને ભાઈઓ કહેવાને શરમાતા નથી. તે કહે છે.  "હું તમારું નામ, [મારા] ભાઈઓને પ્રગટ કરીશ, મંડળીમાં સ્તોત્રો ગાઈને હું તમારી સ્તુતિ કરીશ." અને વળી, "હું તેમના પર ભરોસો રાખીશ!" અને વળી "જુઓ, હું તથા જે સંતાન ઈશ્વરે મને આપ્યાં છે તેઓ." તો છોકરાં માંસ તથા લોહીનાં [બનેલાં] હોય છે, માટે તે પણ તે જ રીતે તેઓના ભાગીદાર થયા, જેથી તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો નાશ કરે. અને મરણની બીકથી જેઓ આખા જીવનપર્યંત દાસત્વમાં હતા તેઓને મુક્ત કરે. કેમ કે ખચીત તે દૂતોને હાથ દેતાં નથી, પણ ઇબ્રાહિમના સંતાનને તે હાથ દે છે. તેથી તેમને બધી બાબતોમાં પોતાના ભાઈઓના જેવા થવું જોઈતું હતું, જેથી તે લોકોનાં પાપનું પ્રાયશ્ચિત કરવાને ઈશ્વરને લગતી બાબતોમાં દયાળુ તથા વિશ્વાસુ પ્રમુખયાજક થાય. કેમ કે તેમનું પરીક્ષણ થવાથી તેમણે દુઃખ સહન કર્યાં, તેથી જેઓનું પરીક્ષણ થાય છે તેઓને સહાય કરવાને શક્તિમાન છે.  પાના નં. ૧, ૨. અને ૨૦
હિબ્રૂ ૨:૧૪-૧૫ તો છોકરાં માંસ તથા લોહીનાં [બનેલાં] હોય છે, માટે તે પણ તે જ રીતે તેઓના ભાગીદાર થયા, જેથી તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો નાશ કરે. અને મરણની બીકથી જેઓ આખા જીવનપર્યંત દાસત્વમાં હતા તેઓને મુક્ત કરે.પાના નં.  ૪
હિબ્રૂ ૪:૧૨ કેમ કે ઈશ્વરનો શબ્દ જીવંત, સમર્થ તથા બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે, તે જીવ તથા આત્માને અને સાંધા તથા મજ્જાને જુદાં પાડે એટલે સુધી વીંધનારો છે, અને હ્રદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે, પાના નં.  ૨૪ અને ૨૬
હિબ્રૂ ૪:3 આપણે વિશ્વાસ કરનારા વિશ્રામમાં પ્રવેશ કરીએ છીએ. જેમ તેમણે કહ્યું છે,  "મેં મારા ક્રોધમાં સમ ખાધા કે, તેઓ મારા વિશ્રામમાં પ્રવેશ કરશે નહિ." જોકે જગતના આરંભથી કામો પૂરાં થયેલાં હતાં.  પાના નં.  ૧૩
હિબ્રૂ ૪:૭ માટે એટલી બધી વાર પછી ફરીથી ચોકકસ દિવસ ઠરાવીને, જેમ અગાઉ કહેવામાં આવ્યું હતું તેમ, તે દાઉદ દ્વારા કહે છે, "આજે, આજે જો તમે તેમની વાણી સાંભળો, તો તમે તમારાં હ્રદય કઠણ કરો નહિ."  પાના નં.  ૧૩
હિબ્રૂ ૯:૧૨ બકરાના તથા વાછરડાના રક્તથી નહિ, પણ પોતાના જ રક્તથી [માણસોને માટે] સનાતન ઉદ્ધાર મેળવીને પરમપવિત્ર સ્થાનમાં એક જ વખત ગયા હતા.   પાના નં.  ૪
હું પિતા પાસેથી નીકળીને જગતમાં આવ્યો છું. વળી હું જગતને છોડીને પિતાની પાસે જાઉં છું." પાના નં. ૫
૧ કરિંથી ૧૫:૨૨
૧ કરિંથી ૧૫:૪૫-૪૬ એમ પણ લખેલું છે, "પહેલો માણસ આદમ સજીવ પ્રાણી થયો, છેલ્લો આદમ જીવન આપનાર આત્મા થયો." પણ આત્મિક પહેલું હોતું નથી. પણ [પહેલું] પ્રાણી; અને પછી આત્મિક. પાના નં.  ૬
૧ કરિંથી ૧૫:૫૭ પણ ઈશ્વર જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તદ્વારા આપણને જય આપે છે, તેમને ધન્યવાદ હો.પાના નં.  ૮
૧ કરિંથી ૨:૧૬ કેમ કે પ્રભુનું મન કોણે જાણ્યું છે કે, તે તેમને બોધ કરે? પણ અમને તો ખ્રિસ્તનું મન છે. પાના નં.  ૨૨
૧ કરિંથી ૩:૧૬-૧૮ તમે ઈશ્વરનું મંદિર છો, અને તમારામાં ઈશ્વરનો આત્મા વસે છે, એ શું તમે જાણતા નથી? જો કોઈ ઈશ્વરના મંદિરનો નાશ કરે, તો ઈશ્વર તેનો નાશ કરશે, કેમ કે ઈશ્વરનું મંદિર પવિત્ર છે, અને તે [મંદિર] તમે છો. કોઈ પોતાને ન ભુલાવે, જો આ સમયમાં તમારામાંનો કોઈ પોતાને જ્ઞાની ધારતો હોય, તો જ્ઞાની થવા માટે તેણે મૂર્ખ થવું. પાના નં. ૨૪ અને ૨૫
૧ કરિંથી ૬:૧૯-૨૦ તમારામાં જે પવિત્ર આત્મા છે, જે તમને ઈશ્વર પાસેથી મળેલો છે તેનું મંદિર તમારું શરીર છે, એ તમે નથી જાણતા? વળી તમે પોતાના નથી. કેમ કે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા હતા; તો તમારા શરીર દ્વારા ઈશ્વરને મહિમા આપો.પાના નં.  ૨૫
૧  તિમોથી ૨:૩-૪ કેમ કે ઈશ્વર આપણા તારનારની નજરમાં એ સારું તથા પ્રિય છે. સર્વ માણસો તારણ પામે, ને તેમને સત્યનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય એવી તેમની ઇચ્છા છે. પાના નં.  ૪૦
૧  તિમોથી ૨:૫-૬  કેમ કે ઈશ્વર એક જ છે, અને ઈશ્વર તથા માણસોની વચ્ચે એક જ મધ્યસ્થ પણ છે, એટલે ખ્રિસ્ત ઈસુ પોતે માણસ, જેમણે સર્વ માણસોના ઉદ્ધારને માટે પોતાનું સ્વાર્પણ કર્યું. એમની સાક્ષી નિર્માણ થયેલે સમયે [આપવામાં આવી હતી]. પાના નં. ૮ અને ૧૨
૧  થેસ્સાલોનિકા ૧:૬-૮ અને તમે ઘણી વિપત્તિઓ સહન કરીને પવિત્ર આત્માના આનંદસહિત [પ્રભુની] વાત સ્વીકારીને અમને તથા પ્રભુને અનુસરનારા થયા. જેથી તમે મકદોનિયા તથા અખાયામાંના સર્વ વિશ્વાસીઓને નમૂનારૂપ થયા. કેમ કે માત્ર મકદોનિયા તથા અખાયામાં તમારાથી પ્રભુની વાત ફેલાઈ એટલું જ નહિ, પણ સર્વ સ્થળે ઈશ્વર પરનો તમારો વિશ્વાસ પ્રગટ થયો. એ વિષે અમારે કંઈ કહેવાની અગત્ય નથી.  પાના નં.  ૩૬

૧ થેસ્સાલોનિકા ૫:૨૩-૨૪ હવે શાંતિના ઈશ્વર પોતે તમને પૂરા પવિત્ર કરો. અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના આવતાં સુધી તમારો આત્મા, પ્રાણ તથા શરીર સંપૂર્ણ [તથા] નિર્દોષ રાખવામાં આવો. જે તમને આમંત્રણ આપે છે તે વિશ્વસનીય છે, તે એમ કરશે.પાના નં. ૨૪ અને ૨૫

૧ પિતર ૧:૧૮-૧૯ કેમ કે તમે જાણો છો કે તમારા પૂર્વજોથી ચાલતાં આવેલાં વ્યર્થ આચરણથી વિનાશી વસ્તુઓ વડે, એટલે રૂપા અથવા સોના વડે નહિ, પણ ખ્રિસ્ત જે, નિષ્કલંક તથા નિર્દોષ હલવાન જેવા છે, તેમના મૂલ્યવાન રક્તથી, તમારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે પાના નં. ૨૫

૧ પિતર ૨:૨૪ લાકડા પર તેમણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયીપણા સંબંધી જીવીએ; તેમના ઘાથી તમે સાજા થયા. પાના નં. ૪

૧ પિતર ૩:૧૫ પણ ખ્રિસ્તને તમારા પ્રભુ તરીકે તમારાં અંત:કરણમાં પવિત્ર માનો. અને જે આશા તમે રાખો છો તેનો ખુલાસો જો કોઈ માગે તો તેને નમ્રતાથી તથા સત્યતાથી પ્રત્યુત્તર આપવાને સદા તૈયાર રહો. પાના નં. ૩૬

૧ પિતર ૩:૧૮ કેમ કે ખ્રિસ્તે પણ એક સમયે પાપોને માટે, એટલે ન્યાયીએ અન્યાયીઓને બદલે દુ:ખ સહ્યું કે, જેથી તે આપણને ઈશ્વરની પાસે પહોંચાડે'. તેમને દેહમાં મારી નાખવામાં આવ્યા, પણ આત્મામાં સજીવન કરવામાં આવ્યા. પાના નં. ૧૨

૧ યોહાન ૧:૭ પણ જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ, તો આપણને એકબીજાની સાથે સંગત છે, અને તેમના પુત્ર ઈસુનું રક્ત આપણને સર્વ પાપથી શુદ્ધ કરે છે.પાના નં. ૪

૧ યોહાન ૧:૯ જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. પાના નં. ૨૬

૧ યોહાન ૩:૧-૩ જુઓ, પિતાએ આપણા પર કેટલો બધો પ્રેમ રાખ્યો છે કે આપણે ઈશ્વરનાં છોકરાં કહેવાઈએ! અને ખરેખર આપણે તેમનાં છોકરાં છીએ. તેથી જગત આપણને ઓળખતું નથી, કેમ કે તેણે તેમને ઓળખ્યા નહિ. વહાલાંઓ, હાલ આપણે ઈશ્વરનાં છોકરાં છીએ, અને આપણે કેવાં થઈશું, તે હજી સુધી પ્રગટ થયું નથી. આપણે એટલું તો જાણીએ છીએ કે જયારે તે પ્રગટ થશે, ત્યારે તેમના જેવાં આપણે થઈશું. કેમ કે જેવા તે છે તેવા આપણે તેમને જોઈશું. અને જે તેમના પર એવી આશા રાખે છે, તે દરેક જેમ તે શુદ્ધ છે તેમ પોતાને શુદ્ધ કરે છે. પાના નં. ૨૫

૧ યોહાન ૩:૯-૧૦ જે કોઈ ઈશ્વરથી જન્મેલો છે તે પાપ કરતો નથી, કેમ કે તેમનું બીજ તેનામાં રહે છે; અને તે પાપ કરી શકતો નથી, કેમ કે તે ઈશ્વરથી જન્મેલો છે. આથી ઈશ્વરનાં છોકરાં તથા શેતાનનાં છોકરાં ઓળખાઈ આવે છે: જે કોઈ ન્યાયીપણું કરતો નથી, અને જે કોઈ પોતાના ભાઈ પર પ્રેમ રાખતો નથી, તે ઈશ્વરનો નથી. પાના નં. ૨૫

૧ યોહાન ૫:૧૨-૧૩ જેને [ઈશ્વરનો] પુત્ર છે તેને જીવન છે. જેને ઈશ્વરનો પુત્ર નથી, તેને જીવન નથી.તમને અનંતજીવન છે એ તમે જાણો, માટે તમારા ઉપર, એટલે ઈશ્વરના પુત્રના નામ પર વિશ્વાસ રાખનારા ઉપર, મેં આ વાતો લખી છે.પાના નં. ૧૫ અને ૧૬

૧ યોહાન ૫:૧૮-૧૯ આપણે જાણીએ છીએ કે જે કોઈ ઈશ્વરથી જન્મેલો છે તે પાપ કરતો નથી. પણ ઈશ્વરથી જે જન્મ્યો છે તે તેને સંભાળે છે, અને દુષ્ટ તેને સ્પર્શ કરતો નથી. આપણે ઈશ્વરના છીએ, અને આખું જગત તે દુષ્ટની સત્તામાં રહે છે, એવું આપણે જાણીએ છીએ.પાના નં. ૧૭

૨ કરિંથી ૫:૧૬-૨૧ માટે હવેથી અમે કોઈને બહારના દેખાવ ઉપરથી ઓળખતા નથી. અને જોકે અમે ખ્રિસ્તને બહારના દેખાવ પરથી ઓળખ્યા હતા, તોપણ હવેથી [તેમને એમ] ઓળખતા નથી. માટે, જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ [છે] :જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ તે નવું થયું છે. પણ સર્વ ઈશ્વર તરફથી છે, જેમણે ખ્રિસ્તની મારફતે આપણું સમાધાન પોતાની સાથે કરાવ્યું, અને સમાધાન [પ્રગટ કરવા] ની સેવા અમને સોંપી. એટલે, ઈશ્વર ખ્રિસ્તમાં પોતાની સાથે જગતનું સમાધાન કરાવીને તેઓના અપરાધ તેઓને લેખે ગણતા નથી, અને તેમણે અમને સમાધાનનો સંદેશો સોંપેલો છે. એ માટે અમે ખ્રિસ્તના એલચી છીએ, જાણે કે ઈશ્વર અમારી મારફતે વિનંતી કરતા હોય તેમ, અમે ખ્રિસ્ત તરફથી તમારી આજીજી કરીએ છીએ કે, ઈશ્વરની સાથે સમાધાન કરો. આપણે તેમનામાં ઈશ્વરના ન્યાયીપણારૂપ થઈએ, માટે જેમણે પાપ જાણ્યું નહોતું તેમને તેમણે આપણે માટે પાપરૂપ કર્યા. પાના નં. ૨૫

૨ કરિંથી ૫:૧૭ માટે, જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ [છે] :જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ તે નવું થયું છે. પાના નં. ૨૦

૨ કરિંથી ૫:૧૮ પણ સર્વ ઈશ્વર તરફથી છે, જેમણે ખ્રિસ્તની મારફતે આપણું સમાધાન પોતાની સાથે કરાવ્યું. પાના નં. ૮

૨ તિમોથી ૧:૭ કેમ કે ઈશ્વરે આપણને ભયનો આત્મા નહિ, પણ સામર્થ્યનો તથા પ્રેમનો તથા સાવધ બુદ્ધિનો [આત્મા] આપ્યો છે.પાના નં. ૨૧

**Additional Resources that can be purchased on Amazon or Christian book stores.**


- The Rest of the Gospel, Dan Stone and David Gregory
- Classic Christianity, Bob George
- Handbook to Happiness, Charles Solomon
- Ins and Out of Rejection, Charles Solomon
- Lifetime Guarantee, Bill Gillham
- The Normal Christian Life, Watchman Nee
- Sit Walk Stand, Watchman Nee
- Release of the Spirit, Watchman Nee
- Birthright, David Needham
- The True Vine, Andrew Murray
- Abide in Christ, Andrew Murray
- Absolute Surrender, Andrew Murray
- Victory in Christ, Charles Trumbull
- The Key to Triumphant Living, Jack Taylor
- The Saving Life of Christ, W. Ian Thomas
- The Gift of Forgiveness, Charles Stanley
- The Blessing of Brokenness, Charles Stanley
- Adversity, Charles Stanley
- Truefaced, John Lynch
- My Utmost for His Highest (Devotional), Oswald Chambers
- Forgiven Forever, Bob George
- The Grace Awakening, Charles Swindoll
- The Sufficiency of Christ, John MacArther
- Hudson Taylor's Spiritual Secret, Dr. and Mrs. Howard Taylor
- Weekly e-devotional GraceNotes, John Woodward. Available through www.GraceNotebook.com
- For Me to Live is Christ, Group study course, Charles Solomon
- The Cross, Your Victory Today, CD Series by Dr. Charles Stanley (and many other sermons by Dr. Stanley)
- The Shackling of Grace, Lee LeFebre
- The Exchanged Life Conference, CD Series by Lee LeFebre
- Free at Last, Tony Evans
- Dr. Tony Evans (most sermons)
- Gregory Dickow (most sermons)
- Romans: Chapters 8-5, Any Version of the Bible
- www.gracefellowshipintl.com
- www.thelifebookstore.com
- Seeking God through Prayer & Meditation, David Howell
- Fully Alive and Finally Free, David Howell

Place Stamp Here

Prison Evangelism, Inc.
PO Box 571977 Houston,
Texas 77257

72019

હું થોડું વધુ ઊંડે ઊતરવા માગું છું. કૃપા કરીને મને “પ્રાર્થના અને મનન દ્વારા ઈશ્વરની શોધ” પુસ્તિકાની જે મફત નકલ છે તે મોકલી આપશો.




નામ ______________________________

સરનામું ______________________________

શહેર, રાજ્ય, પિન કોડ નં.______________________

______________________________

“ઈશ્વરનું બાળક કેવી રીતે બનવું” તેના વિષે તમે શું વિચારો છો તે કૃપા કરીને જણાવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________


______________________________

______________________________

______________________________

Prison Evangelism, Inc. PO Box 571977 Houston Texas 77257

# ઈશ્વરનું બાળક કેવી રીતે બનવું



દર્શાવેલા આ સરળ સત્યોનો અનુભવ કરો અને જાણો કે દેવમાં ભરોસો અને વિશ્વાસ કેવી રીતે પરિપૂર્ણ, ભરપૂર, અને વિજયવંત જીવન તરફ દોરી જાય છે.

આ પુસ્તિકાનો ઉપયોગ કેવી રીતે કરવોઃ

- દેવ સાથે શાંતિના માર્ગ અને પથદર્શક તરીકે
- તારણના અનુભવની સમજદારીના માધ્યમ તરીકે
- વ્યક્તિગત અથવા જૂથ બાઈબલ અભ્યાસ તરીકે (૨૨૩ પૂરેપૂરી બાઈબલ કલમોનો સમાવેશ છે)
- ૩૦-દિવસીય સમર્પણ અને મનન માર્ગદર્શિકા તરીકે, દ્રષ્ટાંતો અને બાઈબલ કલમોનો ઉપયોગ કરેલ છે.

લેખક ડેવિડ હોવેલ એ નવો જન્મ પામેલ દેવનું બાળક છે. આ પુસ્તિકામાંની માહિતી અનુભવ, સામર્થ્ય અને આશાના તત્વોનો પ્રકાશ પાડે છે, જે સ્વકેન્દ્રિતપણા અને સ્વતન્મયતાના જીવનના ઘણાં વર્ષો જીવ્યા પછી ઈસુ ખ્રિસ્ત દ્વારા તેને આપવામાં આવ્યું હતું. દ્રષ્ટાંતો, કલમો, અને લખાણ દ્વારા; હોવેલ બતાવે છે કે ઈસુ ખ્રિસ્ત પરનો ભરોસો અને સમજદારીતથા તારણનો અનુભવ કેવી રીતે વિજયવંત, ભરપૂર જીવવા તથા આ પૃથ્વી પર દેવ સાથે શાંતિ તરફ દોરી શકે છે.

હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો, પરંતુ હું જીવું છું, તોપણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે; અને હવે દેહમાં જે મારું જીવન તે ઈશ્વરના દીકરા પરના વિશ્વાસથી જ છે. તેમણે મારા પર પ્રેમ રાખ્યો, અને મારે માટે પોતાનું અર્પણ કર્યું. ગલાતી ૨:૨૦

ISBN 978-0-578-14157-2
90000>